
MANOGAT • Year 43 • Issue 14 • 25 October 2024 • Aaso Sud 9, Samvat 2080 • Yugabd 5126 • Price : Rs. 5/- • Pages : 28

# मनोगत

દીપાવલીની શુભકામના
નૂતન વર્ષાભિનંદન



## ઋષિતુલ્ય તપસ્વી નાનાજી દેશમુખ


# નાનાજી દેશમુખ જીવનમાલિકા



| | | |
|---|---|---|
| જન્મ | : | શરદપૂર્ણિમા, ૧૧ ઓક્ટોબર, ૧૯૧૬ |
| સ્થળ | : | કડોલી, જિલ્લો હિંગોલી, મહારાષ્ટ્ર |
| માતાપિતા | : | શ્રીમતી રાજાબાઈ, શ્રી અમૃતરાવ દેશમુખ |
| ૧૯૩૪ | : | ડૉ. હેડગેવાર દ્વારા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની પ્રતિજ્ઞા |
| ૧૯૪૦ | : | ગોરખપુર વિભાગમાં સંઘ-પ્રચારક |
| ૧૯૪૮ | : | સ્વદેશ પ્રકાશન, લખનૌના પ્રથમ નિયામક |
| ૧૯૫૦ | : | ગોરખપુરમાં પ્રથમ સરસ્વતી શિશુમંદિરની સ્થાપના |
| ૧૯૫૧ | : | ભારતીય જનસંઘ (ઉત્તરપ્રદેશ)ના સંગઠન મંત્રી સંયુક્ત વિધાયક દળ સરકારનો પ્રયોગ |
| ૧૯૬૭ | : | ભારતીય જનસંઘના અખિલ ભારતીય સંગઠન મંત્રી |
| ૧૯૬૮ | : | દીનદયાળ શોધ સંસ્થાનની સ્થાપના |
| ૧૯૭૪ | : | લોકનાયક જયપ્રકાશના નેતૃત્વમાં સંપૂર્ણ ક્રાંતિ આંદોલન |
| ૧૯૭૫ | : | કટોકટી વિરોધી લોક સંઘર્ષ સમિતિના પ્રથમ મહામંત્રી, કારાવાસ |
| ૧૯૭૭ | : | કારામુક્ત, બલરામપુર-ગોંડાથી લોકસભામાં ચૂંટાયા, કેન્દ્રમાં પ્રધાનપદનો અસ્વીકાર, જનતા પક્ષના મહામંત્રી |
| ૧૯૭૮ | : | રાજકારણથી સંન્યાસ અને રચનાત્મક કાર્યમાં મગ્ન |
| ૧૯૯૦ | : | ચિત્રકૂટ ગ્રામોદય વિશ્વવિદ્યાલયના પ્રથમ કુલાધિપતિ, ચિત્રકૂટમાં સમાજોપયોગી પ્રકલ્પોની સ્થાપના, ૫૦૦થી વધુ સ્વાવલંબી ગ્રામ અભિયાનનો આરંભ |
| ૧૯૯૭ | : | દેહદાનની ઘોષણા |
| ૧૯૯૯ | : | પદ્મવિભૂષણ અને અન્ય અનેક માનદ ઉપાધિઓ , રાષ્ટ્રપ્રમુખ દ્વારા રાજ્યસભામાં નિયુક્ત |
| મૃત્યુ | : | ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૦ - ફાલ્ગુની પૂર્ણિમા |



Year : 43, Issue : 14, Pages : 28



## તંત્રીસ્થાનેથી

# આવો પૂ. નાનાજીની તપસાધનામાંથી પ્રેરણા લઈ જીવન ઘડતર કરીએ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ નાનાજી વિશે લખેલ શબ્દો આપણે પણ દોહરાવીએ અને નાનાજી પાસેથી પ્રેરણા લઈને કાર્યકર્તા તરીકેના આપણા કર્મનો દીપક પ્રગટાવી નૂતનવર્ષે વધુ શક્તિ અને સમર્પણ સાથે પક્ષના સંગઠનાત્મક કાર્યમાં આગળ વધીએ.

"આદરણીય 'નાનાજી' મહારાષ્ટ્રના એક નાનકડા ગામના, પરંતુ સંઘકાર્યની સોડમ થકી તેઓએ માનવકલ્યાણ, ખાસ તો કચડાયેલા-શોષિત, ચિત્રકૂટના આદિવાસીઓના ઉત્થાન માટે તપ આદર્યું અને જ્યાં અજ્ઞાનતા હતી ત્યાં જ્ઞાનજ્યોત પ્રગટાવી, જ્યાં હતાશાની વનરાઈઓ હતી ત્યાં સામર્થ્યભર્યા ઉપવનના બાગબાન બની રહ્યા અને એ ઉપવનને ખિલખિલાટ કરી દીધું. ખુદ તો આ તપસાધનામાં જીવનભર ઓતપ્રોત રહ્યા, વળી લાખોને એમાં પ્રેરિત કરતા ગયા. આઝાદી માટેના અંતરંગ લડવૈયા તરીકે એમની કુનેહ, કર્મઠતા અને સાહસ અપ્રતિમ અને ન ભૂતો ન ભવિષ્યતિ બની રહ્યાં.

આદરણીય નાનાજી દેશમુખનું જીવન સાહસ, પ્રયોગશીલતા અને સામાજિક સક્રિયતાથી ઓતપ્રોત રહ્યું. કાર્યમોરચે અગ્રેસર બની અસરકારક નેતૃત્વ કરવાને બદલે એમનામાં હંમેશાં અન્યોને જોડવાની, આગળ કરવાની પહેલવૃત્તિ જ રહી. ઉત્તર ભારતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંગઠનની રચનામાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો. આમ છતાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની રાહબરીમાં તેઓ જનસંઘના સંગઠક તરીકે વધુ અસરદાર રહ્યા.

કટોકટી વિરુદ્ધના ભૂગર્ભ આંદોલનના અગ્રણીઓ પૈકી નાનાજી એક હતા. કટોકટી હટી અને જનતા પક્ષની જીત થઈ, પણ નાનાજી સત્તાથી અળગા રહ્યા. અનેક વિરોધાભાસો અને વિભિન્નતાઓના મંચ સમાન જનતા પક્ષને ટકાવી રાખવાના એમણે ભરચક પ્રયત્નો કર્યા, પણ સત્તાકારણે એમને વિવશ કરી દીધા. સક્રિય રાજકારણથી નિવૃત્ત થઈ રચનાત્મક કાર્યોમાં પ્રવૃત્ત થઈ લોકભાગીદારી દ્વારા સમાજપરિવર્તન અને ઉન્નતિનો માર્ગ કંડાર્યો. સેવારત યુવકોની એક સંગઠન શૃંખલા દ્વારા ભાવિ આશાસ્પદ ભારતની ઝાંખી પ્રસ્તુત કરી. આ સિદ્ધિમાં ઉજાગર થતી એમની પ્રતિભા એટલે જ એમની અદકેરી સંગઠનક્ષમતા."

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સએપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001





ભારતીય જનસંઘ અને ભારતીય જનતા પાર્ટીએ દેશને મૂલ્યનિષ્ઠ રાજનેતાઓની એક લાંબી શૃંખલા આપી છે. આ શ્રૃંખલાનો એક મણકો એટલે શ્રી નાનાજી દેશમુખ. નાનાજીનું વ્યક્તિત્વ બહુમુખી હતું. એમનું વિચારક્ષેત્ર વ્યાપક હતું. નાનાજી દેશમુખ એક ઋષિતુલ્ય વ્યક્તિત્વ અને સાચા અર્થમાં સંઘવિચારને જીવી જનારા મહામાનવ હતા. ભારતની સંસ્કૃતિ, પરંપરાઓ અને સંસ્કાર આધારિત જનજીવનની પુનઃ રચના તેઓનું સપનું હતું. નાનાજી બાલ્યકાળથી સંઘના સ્વયંસેવક અને પં. દીનદયાળ ઉપાધ્યાયના સહાધ્યાયી હતા.

## જીવન પગરણ

મહારાષ્ટ્રના પરભણી જિલ્લાનું એક નાનકડું ગામ કડોલી.

આ કડોલી ગામનું આજે ખોળી ખોળીને સ્મરણ કરવું પડે છે. આ બડભાગી ગામે જ જન્મ્યા'તા શ્રી ચંડિકાદાસ અમૃતરાવ દેશમુખ. મા રાજાબાઈની કૂખે શરદપૂનમની રાતે ૧૧ ઑક્ટોબર, ૧૯૧૬માં એમનો જન્મ. પ્રથમ વેળા નામ નવું અને સહેજ અછૂતું ભલે લાગતું હોય, પણ એ જ છે આપણા સૌના નાનાજી દેશમુખ.

'નાના' શબ્દમાં છલકે પ્રેમ, સ્નેહ અને હૃદયનો આદરભાવ. એમનું વ્યક્તિત્વ જ એવું રહ્યું કે એ કદી કોઈને એવા મોટા ન લાગ્યા કે નજીક જવામાં સંકોચ કરવો પડે. જીવનનાં અનેક સૂક્ષ્મ પાસાંને વ્યવહારમાં ઉતારી સૌને પોતીકા ભાસતા.



તેઓ વાત્સલ્યની મૂર્તિ હતા.

નાનાને એક ભાઈ અને ત્રણ બહેનો હતી. સૌમાં એ સૌથી નાના. એમનું બાળપણ સ્વાભાવિક રીતે જ અભાવ, મુશ્કેલી સામેના સંઘર્ષમાં જ પસાર થયું. નાનકડી વયમાં જ એમણે માતાપિતાની છાંય ગુમાવી દીધી. મામાએ એમની દેખભાળ કરી. શાળામાં ભણતર માટે આપવું પડતું શુલ્ક કે પુસ્તકો ખરીદવાના નાણાં તો એમની પાસે ક્યાંથી હોય? એટલા માત્રથી પાછો પડે તેવો આ બાળક નો'તો. શિક્ષણ માટેની ઉત્કટ લાગણીએ એને પરિસ્થિતિ સાથે કામ પાડવાની હિંમત અને કુશળતા પણ આપી. એ દિવસોમાં શાકભાજી વેચીને એમણે અભ્યાસ માટેની રકમ ભેગી કરવાનું રાખ્યું હતું. તેઓ મંદિરોમાં રહેતા કે જેથી નિવાસના ખર્ચનો પ્રશ્ન ન રહે. પિલાની ખાતેની બિરલા ઇન્સ્ટિટ્યૂટમાં એમણે શિક્ષણ મેળવ્યું.


એમણે વાશિમમાં મૅટ્રિક સુધીનો અભ્યાસ પૂરો કર્યો. વાશિમમાં તેઓ પાઠક કુટુંબમાં રહ્યા. ત્રણે પાઠક બંધુઓ (ભાઉ, તાત્યા, આબા) નાનાજીને ખૂબ સ્નેહ કરતા. આબા તો નાનાજીના સમવયસ્ક અને સહપાઠી રહ્યા. આ સમયગાળા દરમિયાન તેઓ શાખામાં જતા આવતા રહેતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથેનો આ સંબંધ, પરિચય ઓર ઘનિષ્ઠ થતો જ રહ્યો. નવમા ધોરણમાં અભ્યાસરત નાનાનો પ્રથમ પરિચય ડૉ. હેડગેવાર સાથે થયો'તો ૧૯૩૪માં. ડૉક્ટર સાહેબે ૧૭ સ્વયંસેવકોને પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ ૧૭ પૈકી નાના અને તેમના મામાભાઈ કૃષ્ણરાવ દેશપાંડે પણ હતા. ત્રણે પાઠક બંધુઓ પણ સ્વયંસેવક હતા. સંઘકાર્યમાં નાના રમમાણ થતા જ ગયા. સંઘકાર્ય જ રાષ્ટ્રસેવાનો સાચો રસ્તો હોવાની હૃદયની અનુભૂતિ થવા માંડી. આ પારસસ્પર્શનો જાદુ પછી તો અવિરત છવાતો જ રહ્યો. સંઘકાર્ય માટે તેઓ નિયમિત રીતે વાશિમ જતા જ હતા. ૧૯૩૭માં મૅટ્રિક પછી શું ? ડૉક્ટર સાહેબે એમને પિલાની જઈને અભ્યાસ કરવાનું સૂચન કર્યું. નાનાએ ડૉક્ટર સાહેબની મદદ લઈ તત્કાળ પિલાની પહોંચી જવાને બદલે દોઢ વર્ષ સુધી મહેનતની કમાણી ભેગી કર્યા પછી પોતાના પૈસે વધુ ભણવા જવાનું પસંદ કર્યું. એમણે સ્વાવલંબી પ્રયોગ આદર્યો. તેઓ અને આબા પાઠક શહેરમાં શાકભાજી તથા ઘરવપરાશની વસ્તુઓ ખરીદી થોડાક વધુ ભાવે સુખી પરિવારોમાં પહોંચાડવા માંડ્યા. આમ એમણે કેટલીક રકમ ભેગી કરી લીધી. ૧૯૩૯માં તેઓ રાજસ્થાનની બિરલા કૉલેજમાં પહોંચ્યા. એ દિવસોમાં સંઘકાર્યના વિસ્તાર માટેની આ જ તો અનૌપચારિક રીત હતી.

## કસોટીની એરણે

નાનાજીએ અભ્યાસની સાથોસાથ સંઘકાર્યનો પણ પ્રારંભ કર્યો. જીવન ગુજારા માટે સામાન્ય સગવડોના અભાવ અને નિરક્ષરતાના માહોલ વચ્ચે નાનાએ કેટલો બધો સંઘર્ષ કર્યો હશે એની કલ્પના કરી શકાય એમ છે. ૧૫ નવેમ્બર, ૧૯૮૬ના એક અંગત પત્રમાં નાનાએ પોતાની મામાની દીકરીને લખેલા પત્રમાં એનું સચોટ વર્ણન કર્યું છે : 'કડોલીમાં મારી મા મૃત્યુ પામી હતી. સાચું તો એ છે કે એણે આપઘાત કર્યો હતો. હું ખૂબ નાનો હતો. કડોલી સાવ જ ગામડું છે. પિતાજી અભણ હતા. ઘરમાં શિક્ષણનું કોઈ વાતાવરણ ન હતું. એથી જ તો મારું શાળેય શિક્ષણ બરાબર થઈ શક્યું નહિ. મારી

'નાના' શબ્દમાં છલકે પ્રેમ, સ્નેહ અને હૃદયનો આદરભાવ. એમનું વ્યક્તિત્વ જ એવું રહ્યું કે એ કદી કોઈને એવા મોટા ન લાગ્યા કે નજીક જવામાં સંકોચ કરવો પડે. જીવનનાં અનેક સૂક્ષ્મ પાસાંને વ્યવહારમાં ઉતારી સૌને પોતીકા ભાસતા. તેઓ વાત્સલ્યની મૂર્તિ હતા.





ત્રીજી બહેન બાયડાબાઈ(સખુબાઈ) નો વિવાહ નાંદેડના ફુન્ની ગામના પરિવારમાં થયો. એમના પતિનું આ બીજું લગ્ન હતું. એમની પ્રથમ પત્ની અવસાન પામી હતી. તેઓની વય ખૂબ હતી. ઘરમાં બાયડાબાઈ અને એમના પતિ. તેઓ ખેતીકામ માટે બાજુના ગામે જતા અને બહેને ઘરે એકલા રહેવું પડતું હતું. ઘરમાં હું નાનો હોવાથી મને એમની સાથે રહેવા જુન્ની મોકલ્યો હતો. શાળા કે શિક્ષક ત્યાં ન હતા. આખો દિવસ બહેન સાથે પત્તાં રમવું એ જ એક કામ. રમત રમતમાં હું અગિયાર વર્ષનો થયો.

૧૯૨૭ના વર્ષની વાત. મોટી બહેન લક્ષ્મીતાઈનાં પતિની બદલી ચિંચઆંબાથી રિસોડ થઈ હતી. તાઈને મારા પ્રત્યે દયા આવી અને મને જાણે કે બળજબરી કરીને આગ્રહપૂર્વક જુન્નીથી પોતાની પાસે રિસોડ લઈ આવી. અગિયાર વર્ષની વયે ત્રીજા ધોરણમાં દાખલ કરાવી દત્તોપંત મને રોજ ઘરે ભણાવતા. એ પછી ભાઉ મામા-ભગવંતરાવ દેશપાંડે પાર્ટીકર તાઈને ત્યાંથી મને અહીં લઈ આવ્યા. એ સમયથી તારો અને મારો પરિચય. તારે પણ મા ન હતી. કદાચ એટલે જ તારા પ્રત્યે મારા મનમાં એક આત્મીય લાગણી પેદા થઈ.'

માએ આત્મહત્યા કેમ કરી? આની વાત નાનાએ ૧૯ જુલાઈ, ૧૯૮૪ના સૌ. નીલમ દેશપાંડેને લખેલા એક પત્રમાં જોવા મળે છે. અતિથિસત્કારનું મહત્ત્વ દર્શાવતાં નાનાજી લખે છે : 'અતિથિ દ્વારા વ્યવસ્થામાં અભાવનો ઉલ્લેખ થાય એ તો ખૂબ જ લજ્જાની બાબત છે. મારી જન્મદાતા માએ એ જ એકમાત્ર કારણથી આપઘાત કર્યો હતો. આ વાત કદાચ આજે કોઈને જ યાદ નથી. એ કારમો ઘા મારા હૃદયમાં હંમેશ રહ્યો હોવાને કારણે અતિથિને હું ખૂબ જ મહત્ત્વ આપું છું.'

ઘરની અત્યંત કંગાળ અવસ્થાને કારણે નાનાજીની મા ઘરે આવેલા અતિથિઓનો સુયોગ્ય સત્કાર કરી શકતી ન હતી. એની પીડા એમના હૃદયને કોરી ખાતી હતી. આવા જ કોઈ પ્રસંગે ઘરમાં કંઈ જ ન હોવાને કારણે વ્યથિત માનસિકતામાં એમણે ઘર પછવાડેના કૂવામાં કૂદીને આત્મહત્યા કરી હતી. નાનાજી એ વખતે માંડ દોઢ-બે વર્ષના હતા. આ ઘટના એમના અંતરમનમાં ઘર કરી ગઈ. ૨૧-૨૨ જૂન, ૧૯૯૭માં હિંગોલીના ડૉ. હેડગેવાર ચિકિત્સાલયનો કાર્યક્રમ સંપન્ન કરી નાનાજીએ પોતાના ગામ કંડોલી જઈ એ કૂવાની વિધિપૂર્વક પૂજા એક કરી એક પ્રકારે માતૃતર્પણ કર્યું હતું.

હું આ યુવકને મારા અંગત સહાયક તરીકે નિયુક્ત કરવા ઇચ્છું છું. એને ભોજન-નિવાસની સગવડ ઉપરાંત ૮૦ રૂપિયા માસિક પગાર પણ આપીશ. એ વર્ષોમાં એક કૉલેજના વિદ્યાર્થી માટે આ સગવડ અને વેતન એ બહુ જ મોટી બાબત હતી. જોકે નાનાએ તો 'સંઘકાર્ય એ જ રાષ્ટ્રસેવા'નું જીવનસમર્પણનું વ્રત ગ્રહણ કરી લીધું હતું. એમણે શેઠ ઘનશ્યામદાસ બિરલાના આકર્ષક અને ઉદાર પ્રસ્તાવનો સવિનય અસ્વીકાર કરી દીધો.

## પ્રતિભા ઝળકી રહી

૧૧ વર્ષની ઉંમર સુધી તો નાનાજી એકડો કે કક્કો પણ માંડી શક્યા નો'તા. ભગવાને એમને તીવ્ર બુદ્ધિ આપી હોવાથી રિસોડની શાળામાં આઠમા ધોરણ સુધી તો પ્રત્યેક ધોરણમાં પ્રથમ ક્રમે આવતા રહ્યા.

પિલાનીમાં નાનાજીની જન્મજાત પ્રતિભા અને ક્ષમતા




પ્રકટી રહી. અઢાર રૂપિયાની એક જાપાની સાઈકલના સથવારે એમની જીવનયાત્રા આગળ વધતી રહી. સંઘકાર્ય અને અર્થોપાર્જનની સાથોસાથ તેઓ કૉલેજમાં ચિત્રકલા, નાટક અને વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેતા. સંઘશાખા પર કબડ્ડી અને કૉલેજમાં ફૂટબૉલની ટીમમાં ઉત્સાહભેર અગ્રેસર રહેતા. એમનામાં રહેલ સહજ નેતૃત્વનો ગુણ સૌને દેખાવા માંડ્યો. કૉલેજના સ્થાપક શેઠ ઘનશ્યામદાસ બિરલાની ચકોર દૃષ્ટિમાં નાનાજીની બહુવિધ ક્ષમતા અને શક્યતાઓ ઝડપાઈ ગઈ. એમણે કૉલેજના પ્રાચાર્ય સુખદેવ પાંડેને દરખાસ્ત કરી કે હું આ યુવકને મારા અંગત સહાયક તરીકે નિયુક્ત કરવા ઇચ્છું છું. એને ભોજન-નિવાસની સગવડ ઉપરાંત ૮૦ રૂપિયા માસિક પગાર પણ આપીશ. એ વર્ષોમાં એક કૉલેજના વિદ્યાર્થી માટે આ સગવડ અને વેતન એ બહુ જ મોટી બાબત હતી. જોકે નાનાએ તો ‘સંઘકાર્ય એ જ રાષ્ટ્રસેવા’નું જીવનસમર્પણનું વ્રત ગ્રહણ કરી લીધું હતું. એમણે શેઠ ઘનશ્યામદાસ બિરલાના આકર્ષક અને ઉદાર પ્રસ્તાવનો સવિનય અસ્વીકાર કરી દીધો.

## જીવનદિશાનું નિર્ધારણ

સંઘશાખાના આરંભ પછી પિલાનીથી જ તેઓ સંઘના પ્રથમ વર્ષના શિક્ષણ માટે નાગપુર ગયા હતા. હૃદય સોંસરવું ઊતરી જાય એવું પૂજનીય ડૉક્ટર સાહેબનું અંતિમ ઉદ્‌બોધન નાનાજીએ સંઘના આ શિક્ષણવર્ગમાં સાંભળ્યું. હૃદય સંવેદનાથી તરબતર થઈ રહ્યું. રાષ્ટ્રયજ્ઞમાં યાહોમ કરીને પડવાનો મનોમન સંકલ્પ લેવાઈ રહ્યો હતો. આ સંઘશિક્ષણ વર્ગની સમાપ્તિ થતાં જ ડૉક્ટર સાહેબ અત્યંત બીમાર પડ્યા અને એમનું નિધન થયું. એમની પ્રજ્વલિત ચિતાના ઉજાસમાં કેટલાક લોકોએ સંકલ્પ કર્યો કે હવે અમે ન તો ઘરે જઈશું કે ન તો અભ્યાસ આગળ ધપાવીશું. રાષ્ટ્રકાર્યમાં સમગ્ર જીવન ખપાવી દેવાનો એ નિર્ધાર હતો. શ્રદ્ધેય બાબાસાહેબ આપટે સાથે હૃદયનો નાતો જોડાઈ ચૂક્યો હતો. આપટેજીએ જ નાનાજીને સંઘકાર્ય માટે ભાઉ જુગાડે સાથે આગ્રા મોકલ્યા. ત્રીજી જુલાઈએ આપટેજીના કહેવા પ્રમાણે ડૉક્ટર સાહેબના શ્રાદ્ધદિને આગ્રામાં સંઘશાખા શરૂ થઈ. ત્રણે કાર્યકર્તા એક ઓરડામાં રહેવા લાગ્યા. અહીં જ દીનદયાળજી સાથેનો સહવાસ આત્મીયતાભરી શ્રદ્ધામાં પરિવર્તન પામ્યો. આ અનન્ય ભાવ જ એમની જીવનપ્રેરણા બની રહી. દોઢેક મહિનો સંઘકાર્ય પ્રારંભ થયાને વીત્યો હશે કે દીનદયાળ ઉપાધ્યાય સ્નાતકોત્તર અભ્યાસ માટે આગ્રા આવ્યા. એક મહિનામાં દીનદયાળજીએ સૌનો પરિચય પ્રાપ્ત કરી લીધો અને કાર્ય સંભાળી લીધું. એ પછી નાનાજીને ગોરખપુરમાં સંઘશાખાના શ્રીગણેશ કરવાનું સુપ્રત થયું.

આ કાર્ય લગીરેય સરળ ન હતું. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૦માં ગોરખપુર જવા નીકળ્યા તો ખિસ્સામાં રોકડા રૂ. ૧૪ જ હતા. સંઘ માટે રોજિંદો ખર્ચ કાઢવા જેટલાય પૈસા નો’તા. એમણે ધર્મશાળાઓમાં રહેવાનું રાખ્યું. ધર્મશાળાના નિયમને કારણે એમણે વારંવાર નિવાસ બદલવો પડતો. ત્રણ દિવસથી વધુ સમય સુધી ધર્મશાળામાં કોઈને રહેવા દેવાતા ન હતા. અંતે બાબા રાઘવદાસે એમને કાયમ રહેવાનું ગોઠવી આપ્યું, પણ શરત હતી એમને રાંધી ખવડાવવાની ! આવી ભાંજગડ

સંઘશાખાના આરંભ પછી પિલાનીથી જ તેઓ સંઘના પ્રથમ વર્ષના શિક્ષણ માટે નાગપુર ગયા હતા. હૃદય સોંસરવું ઊતરી જાય એવું પૂજનીય ડૉક્ટર સાહેબનું અંતિમ ઉદ્‌બોધન નાનાજીએ સંઘના આ શિક્ષણવર્ગમાં સાંભળ્યું. હૃદય સંવેદનાથી તરબતર થઈ રહ્યું. રાષ્ટ્રયજ્ઞમાં યાહોમ કરીને પડવાનો મનોમન સંકલ્પ લેવાઈ રહ્યો હતો.



વચ્ચે લક્ષ્ય તો ભુલાયું નો'તું. એક કૉલેજમાં નાનાજીએ જવા માંડ્યું. સંપર્ક, પરિચય અને મિત્રતાનો દોર શરૂ થયો. અધ્યાપકો અને યુવકોનો આદર અને સ્નેહભર્યો સંપર્ક આરંભાયો અને વર્ષ ૧૯૪૦માં ગોરખપુરના એક બાગમાં શાખાનો પ્રારંભ થયો. એ પછી ૧૯૪૧ના સંઘશિક્ષણ વર્ગમાં પાંચ સ્વયંસેવકો નાગપુર આવ્યા. શહેરમાં કાર્યવિસ્તાર માટેની પ્રભાવી યોજના બની. અનેક સુપ્રતિષ્ઠિતોનો સંપર્ક શરૂ થયો. એક બેઠકમાં અગ્રણી સ્વયંસેવકના પિતા શ્રી દેવીબાબુના ધ્યાનમાં આવ્યું કે નાનાજીના નિવાસ કે ખાવાપીવાની કોઈ ચિંતા નથી થતી. તેઓ એમને પોતાના ઘરે લઈ ગયા. એમણે નાનાજીમાં એવી તે કઈ પ્રતિભાનાં દર્શન કર્યાં હશે ? એ દિવસે પ્રતિજ્ઞાનો કાર્યક્રમ થયો હતો. અનેક અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દેવીબાબુના મકાનમાં પ્રતિજ્ઞા લઈ રહ્યા હતા.... આ બધાને થનગનતા યુવક એવા નાનાએ કેવી રીતે સમર્પણ અને સંકલ્પ માટે પ્રેરિત કર્યા હશે !

## ફૂટબૉલથી શાખા

શાખાપ્રારંભ માટેના અનૂઠા પ્રયાસના એક રસપ્રદ પ્રસંગમાં એમની કુશાગ્ર બુદ્ધિ ઝળકી રહે છે. અનેક પ્રયાસો છતાં સંઘશાખાનો આરંભ થઈ શકતો ન હતો. એમની આંખો તરુણ ટોળીઓ પર ફરવા માંડી. કૉલેજના બંગાળી માસ્ટરદા ફૂટબૉલની ટીમ રચવા પ્રયત્ન કરી રહ્યા હતા. નાનાજી બહાર ઊભા ઊભા યુવકોને રમતા જોઈ રહ્યા. ફૂટબૉલની રમતમાં તો તેઓ એક્કા હતા. નાનાજીએ માસ્ટરદા પાસે રમવાની અનુમતિ માંગી. થોડીક આનાકાની પછી તેમણે હા પાડી. ડાબી બાજુએ મોરચો સંભાળી રમવા માટે કહ્યું. તક મળી ને નાનાજીએ ગોલ ફટકાર્યો. એમની ટીમમાં પસંદગી થઈ ગઈ. એ જ ટીમને એમણે છેવટે સંઘની શાખા બનાવી દીધી ! એમાંના જ સાત ખેલાડીઓને તેઓ નાગપુરના સંઘ શિક્ષણવર્ગમાં લઈ ગયા હતા.

ત્રણેક વર્ષના સમયગાળામાં ગોરખપુરની આજુબાજુના વિસ્તારમાં અઢીસો સંઘશાખા ચાલવા માંડી. ૧૯૪૪માં શ્રી ગુરુજીનો ગોરખપુરમાં પ્રવાસ થયો. ગામડાંમાં શાખાની વ્યાપકતા નિહાળી એમને અનેરી પ્રસન્નતા થઈ. એમણે કાર્યવૃદ્ધિના આશિષ સાથે ગોંડાથી બલિયા સુધીના બધા જિલ્લા નાનાજીને સોંપી દીધા.

સંઘકાર્યની મસ્તી અને વૃદ્ધિનો એ આહ્લાદક સમય હતો. વર્ષ ૧૯૪૨ના સંઘ શિક્ષણવર્ગમાંથી સ્વયંસેવક બંધુઓ પરત આવ્યા હતા. ગુરુપૂર્ણિમાનો એ પાવનદિન હતો. કૉલેજના મેદાનમાં સવારે સૌને ભેગા કર્યા હતા. સેંકડો સ્વયંસેવકો કાર્યક્રમમાં સહભાગી થવા ઊમટી પડ્યા હતા એમાં અનેક ડૉક્ટર, વકીલ, વેપારી અને અધ્યાપક પણ હતા.

એવામાં જ અંગ્રેજ અફસર ટૉમસ પિસ્તોલ ઉછાળતો ઉછાળતો પોલીસ ટુકડી સાથે 'વિખેરાઈ જાવ,



વિખેરાઈ જાવ'ના બૂમબરાડા સાથે આવી પહોંચ્યો. નાનાજી એની પાસે દોડીને પહોંચ્યા અને કાનમાં કંઈક કહ્યું. સૌ એમની ધીરજને નિહાળી જ રહ્યા. એમનો આત્મવિશ્વાસ જરાય ડગમગતો ન હતો.

કાર્યક્રમના આરંભની સૂચના મળી ને સૌ વ્યવસ્થિત પંક્તિબદ્ધ થયા. પ્રાર્થના થઈ, ધ્વજપ્રણામ થયા અને અંતે કાર્યક્રમ સમાપ્તિની ઘોષણા પણ થઈ. સૌ લોકો આશ્ચર્ય અને આદરથી નાનાજીના ધૈર્યની પ્રશંસા કરી રહ્યા. ટૉમસ ભલે ખિજાતો રહ્યો, પણ કાર્ય તો સતત વધતું જ રહ્યું. નગરના ખ્યાતનામ વકીલ હરિહપ્રસાદ દુબે સંઘચાલક અને હૉમિયોપેથ ડૉક્ટર હૃષીકેશ બેનરજી કાર્યવાહ બન્યા.

સમગ્ર વિસ્તારના શિયાળુ શિબિરની તૈયારીઓ શરૂ થઈ. દરેક શાખામાં ત્રણ ત્રણની ટુકડીને બે ધાબળા, બે ધોતિયાં અને બે ચાદરો દ્વારા તંબુ કેવી રીતે બનાવવા એનો અભ્યાસ કરાવવામાં આવ્યો.

દેવરિયા જિલ્લામાં ગૌરીબજાર પાસે ટપ્પી ગામે એક વિરાટ ગામસમૂહ રચાયો. નાનાજીએ આ સ્થળ કેવી દીર્ઘદૃષ્ટિપૂર્વક પસંદ કર્યું હશે ! ગોંડા, બહરાઈચથી માંડીને આઝમગઢ, બલિયા સુધીના સ્વયંસેવક ગૌરીબજાર સ્ટેશને ઊતરીને દોઢ કિલોમીટર સુધી સામાન સહિત ચાલ્યા જ આવતા હતા. માત્ર બે કલાકમાં તો ૫૦૦ તંબુઓની એક નગરી સાકાર થઈ ગઈ. લાઠી અને લાકડીની ખૂંટીઓ ત્યાં રાખવામાં આવી હતી. દરેક તંબુમાં ફાનસ ઝળકવા માંડ્યું અને શિબિરનો આરંભ થઈ રહ્યો. ત્રણ દિવસથી પોલીસ ફાંફા જ મારતી રહી કે આ બધું શું અને કેવી રીતે થઈ રહ્યું છે. એને કંઈ અંદાજ આવે ને કોઈ અન્યથા નિર્ણય લે એ પહેલાં તો એમની આંખો સમક્ષ બધું ઊભું થઈ ગયું. આટલા બધા તંબુઓની નગરી ફટાફટ ઊભી થઈ જાય એ કેવું અદ્ભુત દૃશ્ય હતું !

માત્ર બે કલાકમાં તો ૫૦૦ તંબુઓની એક નગરી સાકાર થઇ ગઇ. લાઠી અને લાકડીની ખૂંટીઓ ત્યાં રાખવામાં આવી હતી. દરેક તંબુમાં ફાનસ ઝળકવા માંડ્યું અને શિબિરનો આરંભ થઇ રહ્યો. ત્રણ દિવસથી પોલીસ ફાંફા જ મારતી રહી કે આ બધું શું અને કેવી રીતે થઇ રહ્યું છે. એને કંઇ અંદાજ આવે ને કોઇ અન્યથા નિર્ણય લે એ પહેલાં તો એમની આંખો સમક્ષ બધું ઊભું થઇ ગયું.

## ભાવનાથી મોટું કર્તવ્ય

૧૯૪૨માં ઉત્તરપ્રદેશમાં સંઘના શિક્ષણવર્ગોનો આરંભ થઈ ચૂક્યો હતો. પ્રથમ વર્ગ લખનૌમાં થયો. ૧૯૪૩થી કાશીમાં શિક્ષણવર્ગ થવા માંડ્યા. આ શિક્ષણવર્ગોની વ્યવસ્થાનો ભાર નાનાજીના ખભે હતો. .'૪૫માં કાશીના શિક્ષણવર્ગ પર બ્રિટિશ સરકારની કોપદૃષ્ટિ પડી અને અધવચ્ચે વર્ગ સ્થગિત કરવો પડ્યો. એ દિવસોમાં એક સંવેદનાભરી કૌટુંબિક ઘટના બની. મોટા ભાઈ એમની પત્નીના દેહાંતથી શોકાતૂર થઈ નાનાને લેવા કાશી આવી પહોંચ્યા. નાનાએ વર્ગ છોડીને આવવાનો ઇન્કાર કર્યો. આબાજી રોકકળ કરતા પાછા ફર્યા. થોડાક જ દિવસ પછી એમના એકમાત્ર પુત્રના મૃત્યુનો તાર મળ્યો. કડોલી ગામ જઈ આવીને પાંચમી મે સુધીમાં નાગપુર ખાતે આરંભાતા તૃતીય વર્ષના વર્ગમાં શિક્ષણ પૂરું કરી લેવાની સૂચના મળી. એ દિવસોમાં કડોલી જવાનો માર્ગ કપરો હતો. ત્રીજી મેની રાતે નાના કડોલી પહોંચ્યા. બીજા દિવસે પરોઢમાં ચાર વાગે છ માઈલ દૂર પગપાળા જ વાશિમ જવા નીકળ્યા. નાગપુર સમયસર પહોંચવા માટે તુરત જ નીકળવું આવશ્યક હતું. ઘર અને ગામના લોકો એમની કઠોર સંઘનિષ્ઠા આશ્ચર્યથી નિહાળી રહ્યા. નાનાજીએ એમના ઋજુ હૃદયને ધ્યેયનિષ્ઠા અને અનુશાસનના બંધનથી બાંધી રાખ્યું હતું.



## ભારતીયતાના સંસ્કાર

નાનાજી એ સમયે નવયુવાન પ્રચારક હતા. તેઓ કલ્પનાશીલ અને આગવું ચિંતન કરનાર વ્યક્તિ હતા. દૃષ્ટિપૂર્ણ અને અર્થપૂર્ણ પ્રયોગ કરવાની એમની આગવી રીત અને સ્વભાવ પણ હતો. સંઘકાર્યની સાથોસાથ એમના મનમસ્તિષ્કમાં નાનાં બાળકોનાં શિક્ષણનો પ્રશ્ન ઘુમરાઈ રહ્યો હતો.

એ સમયે બાળકોના અભ્યાસ માટે નગરપાલિકા અને જિલ્લા પંચાયત દ્વારા શાળાઓ ચાલી રહી હતી. આ શાળામાં બાળકોનો ભારે ધસારો રહેતો હતો. શિક્ષણ કે સંસ્કારની તો ત્યાં કોઈને પડી જ ન હતી. છોકરાઓ અંદરોઅંદર લડતા ઝઘડતા રહેતા અને ગાળાગાળી તો જાણે કે સામાન્ય રીત હોય એવું વાતાવરણ જોવા મળતું. બીજી બાજુ ખ્રિસ્તી મિશનરીઓની શાળામાં ભારતીય પરિવારોના બાળકોને અંગ્રેજ રહનસહન અને વિચારના ઢાંચામાં ઢાળવામાં આવી રહ્યા હતા.

નાનાજીના કલ્પનાશીલ મગજમાં ભારતીય સંસ્કારને આધારે બાળકોમાં સંસ્કાર અને શિક્ષણનું સિંચન કરનાર આગવા વિદ્યાલયનું ચિત્ર ઊપસવા માંડ્યું અને મનોમન તાણાવાણા પણ ગૂંથાવા માંડ્યા. સૌ સ્થાનિક કાર્યકર્તાઓ જોડે પણ આ બાબતે એમનો ચર્ચાનો ચાકડો ઘૂમતો રહ્યો. પ્રાંતપ્રચારક શ્રી ભાઉરાવ દેવરસ સાથે પણ તેઓ આ બાબતે મૂળગામી ચર્ચાવિમર્શ કરતા રહેતા હતા. આખરે ભારતીય સંસ્કૃતિને આધારે શિશુઓ માટે વિદ્યાલય પ્રારંભ કરવા માટેની અનુમતિ એમણે મેળવી લીધી.

એ પછી વિદ્યાલય માટે જમીન અને મકાનની શોધખોળનો આરંભ થયો. શહેરના પક્કીબાગમાં એક ખંડેર હતું. ગિરધરદાસ રઈસનું એક સમયે ત્યાં હાથીખાનું અને ગૅરેજ હતું, પણ અત્યારે તો આ સ્થળ ઝાંડીઝાંખરાથી ભરપૂર ભૂતોનો અડ્ડો હોય એમ ભાસતું હતું. આસપાસના લોકો સવારમાં અહીં હાજતે બેસતા હતા. મૃતપશુઓને લોકો અહીં ફેંકી જતા અને ચામડું કમાવાનો ધંધો પણ બેરોકટોક અહીં જ ચાલતો હતો. ચારેબાજુ પ્રાણીઓનાં હાડકાં જ હાડકાં જોવા મળતાં હતાં.

આ સ્થળે વિદ્યાલય ખોલવાનું વિચારવામાં આવ્યું. ગિરધરદાસ રઈસને સ્થળની માંગણી માટે મળવાનું નક્કી થયું. આવા ગંદા અને બેહૂદા સ્થળે નાના બાળકો માટે વિદ્યાલય આરંભી શકાય એવી સુખદ કલ્પના તો જમીનના માલિક ગિરધરદાસને પણ કદી આવી ન હતી. એમની સમક્ષ વાત મૂકી તો તેમણે આનંદવિભોર બની જગા વિદ્યાલયને સુપ્રત કરી દીધી. લખનૌના ઠાકુરદાસ સહાની ત્યાં એક ખાંડના કારખાનામાં પ્રબંધક હતા. એમણે જિલ્લા અધિકારી પાસેથી આ જમીનની વિદ્યાલય માટે ફાળવણી પણ કરાવી આપી.

જૂન, ૧૯૫૦ના પ્રથમ અઠવાડિયામાં સંઘની પ્રભાત શાખાઓનું મિલન વિદ્યાલય માટેની આ જગ્યા પર યોજવામાં આવ્યું અને મેદાનની સફાઈ હસતાં રમતાં જોતજોતામાં થઈ ગઈ. સમગ્ર જગ્યાના ભાંગ્યા-તૂટ્યા ઓરડાનું સમારકામ, સાફસફાઈ તથા ચૂનો લગાવવાને કારણે એક સમયનું ભૂતડુંસ્થાન નવાં રૂપરંગ ધરીને શણગાર સજી રહ્યું. વિદ્યાલય માટે રચાયેલી સંચાલન સમિતિમાં સ્થાનિક કાર્યકર્તાઓ સાથે દીનદયાળ ઉપાધ્યાય તથા કાનપુરના બૅરિસ્ટર નરેન્દ્રજિતસિંહ

૧ જુલાઈ, ૧૯૫૦ના દિવસે મા સરસ્વતીની છબી સમક્ષ દીપપ્રાગટ્ય દ્વારા શિશુમંદિરનો શુભારંભ કરવામાં આવ્યો. બીજમાંથી વિરાટ વટવૃક્ષની શૃંખલાઓ હવે જ રચાવાની હતી. આ દરમિયાન નવું જ કાર્ય નાના માટે રાહ જોઈ રહ્યું હતું. રાજકીય ક્ષેત્રે ઉદયમાન થનારા જનસંઘનું ઉત્તરપ્રદેશનું કામ સંભાળવા તેઓ એ પછી લખનૌ પહોંચ્યા.



પણ સામેલ હતા. નાનાજીની નજર હેઠળ આ સમગ્ર કાર્ય પાર પડ્યું.

૧ જુલાઈ, ૧૯૫૦ના દિવસે મા સરસ્વતીની છબી સમક્ષ દીપપ્રાગટ્ય દ્વારા શિશુમંદિરનો શુભારંભ કરવામાં આવ્યો. બીજમાંથી વિરાટ વટવૃક્ષની શૃંખલાઓ હવે જ રચાવાની હતી. આ દરમિયાન નવું જ કાર્ય નાના માટે રાહ જોઈ રહ્યું હતું. રાજકીય ક્ષેત્રે ઉદયમાન થનારા જનસંઘનું ઉત્તરપ્રદેશનું કામ સંભાળવા તેઓ એ પછી લખનૌ પહોંચ્યા.

## જેલમાંય ‘સંપર્ક’

સંઘકાર્ય આગળ ને આગળ વધી રહ્યું હતું. એવામાં જ ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮માં ગાંધીજીની હત્યાની દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની. સમાજ અને રાષ્ટ્ર માટે આંચકા રૂપ આ ઘટના મોટી વિભીષિકા હતી. પંડિત નહેરુએ આ ઘટનાને બહાનું બનાવી સંઘ પર પ્રતિબંધ લાદ્યો. દેશભરમાં હજારો સ્વયંસેવકોની અકારણ અટકાયત કરવામાં આવી. માત્ર સ્વયંસેવક હોવું એ જ જાણે કે ભયંકર અપરાધ મનાયો. ગોરખપુર ખાતે નાનાજી પણ પકડાયા. એમના પર આરોપ મુકાયો કે એમણે મહંત દિગ્વિજયનાથ સાથે ગોડસેની મુલાકાત કરાવીને પિસ્તોલ અપાવી હતી. પહેલા પંદર દિવસ તો એમને ડાકુઓ અને ખૂનીઓ ભેગા જ રાખવામાં આવ્યા. એ પછી ચાર મહિના એકલા જ ખાસ ખોલીમાં રહેવું પડ્યું. એમની સાથે નૅશનલ ગાર્ડના નેતા મોઈનુદ્દીનને પણ રાખવામાં આવ્યા. જેલમાં એમની સાથે નાનાજીની ગાઢ દોસ્તી થઈ ગઈ. કૉંગ્રેસી નેતા રફી અહમદ કિડવાઈ એમના સહાધ્યાયી રહ્યા હતા. તેઓ મોઈનુદ્દીનને જેલમાં મળવા માટે આવ્યા. એમણે નાનાજીની ઓળખાણ કિડવાઈ સાહેબ સાથે કરાવી. એમના બંને માટે કિડવાઈ સાહેબના ઘરેથી ભોજન આવતું. જેલમાંથી બહાર આવ્યા પછી નાનાજી રફી અહમદ કિડવાઈનો આભાર માનવાનું ન ભૂલ્યા અને એમની સાથેનો સંબંધ ઠેઠ સુધી જાળવી રાખ્યો.

## રાષ્ટ્રકારણ અર્થે ‘રાજકારણ’

બહુમુખી પ્રતિભાના સ્વામી એવા નાનાજી માટે એક તદ્દન નવું અને પડકારભર્યું ક્ષેત્ર ખૂલી રહ્યું હતું. ભારતમાતાની સેવામાં જાતને ખપાવી દેનાર જીવનવ્રતી નાનાજી માટે રાજકારણનું વિલક્ષણ ક્ષેત્ર

## જનસંઘમાં જોડાયા અને જલકમલવત્ રાજનેતા બની રહ્યા

દેશ હિન્દુત્વ દર્શન આધારિત રાજકીય પાર્ટીની જરૂરિયાત જણાતાં ૧૯૫૧માં ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ રા. સ્વ. સંઘના દ્વિતીય સરસંઘચાલક પ. પૂ. શ્રી ગુરુજીના માર્ગદર્શન અને આશીર્વચનથી ‘ભારતીય જનસંઘ’ની સ્થાપના કરી. જનસંઘના વિકાસ અને વિસ્તાર માટે શ્રી ગુરુજીએ નાનાજી દેશમુખને ઉત્તર પ્રદેશ જનસંઘનું દાયિત્વ સોંપ્યું. નાનાજી સંગઠનના માહિર વ્યક્તિ હતા. કાર્યકર્તાઓ એમના સાન્નિધ્યમાં મોકળાશ અનુભવતા. પક્ષના કાર્યકર્તાઓ અને આગેવાનો સાથે તો મીઠા અને સારા સંબંધો રાખતા જ, પરંતુ અન્ય રાજકીય પક્ષના આગેવાનો સાથે પણ સારા સંબંધ રાખતા. ઉત્તર પ્રદેશના એ વખતના પીઢ રાજકારણી એવા ચંદ્રભાણ ગુપ્તાને નાનાજીએ ત્રણ-ત્રણ વખત ચૂંટણીમાં હરાવ્યા. તેમ છતાં ચંદ્રભાણ ગુપ્તાના નાનાજી સાથે મિત્રવત્ સંબંધો રહ્યા. દીનદયાળજીનું માર્ગદર્શન, અટલજીની વક્તૃત્વ કળા અને નાનાજીની સંગઠનશક્તિને કારણે ઉત્તર ભારતમાં જનસંઘ પ્રબળ રાજકીય પક્ષ તરીકે બહાર આવ્યો. સ્વાતંત્ર્યોત્તર કાળમાં કૉંગ્રેસના વિકલ્પરૂપે કોઈ મજબૂત રાજકીય પક્ષના અસ્તિત્વના અભાવે કેન્દ્ર અને રાજ્યોમાં એકચક્રી શાસનને તોડી, ભારતીય જનસંઘને વૈકલ્પિક રાજકીય પક્ષ બનાવવા માટેના અથાગ પ્રયાસોમાં નાનાજીનું યોગદાન અનન્ય, અમૂલ્ય રહ્યું.



પૂર્વ-પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીએ શોકવેળા સ્મરણ કર્યું : નાનાજી પડકારોને ઝીલી લેનારા નિષ્ણાત હતા. એમના સંપર્કમાં જે આવ્યા, તે હંમેશ એમના સંપર્કમાં જળવાઈ રહ્યા. આ એમનું ચુંબકીય વ્યક્તિત્વ જ હતું.

પ્રતીક્ષા કરી રહ્યું હતું. લોકશાહી તંત્રમાં પક્ષ અને મત આધારિત રાજનીતિનો પ્રચલિત માર્ગ આઝાદી પછી ભારતે સ્વીકાર્યો હતો. આંતર્બાહ્ય દબાણોની પરિસ્થિતિ વચ્ચે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ભારતમાં ઉદયમાન થઈ રહેલા એક નૂતન રાષ્ટ્રવાદી પક્ષની રચનામાં સક્રિય થવું પડે એમ હતું. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના અધ્યક્ષપદે ભારતીય જનસંઘને ઑક્ટોબર, ૧૯૫૧માં અખિલ ભારતીય સ્વરૂપ પ્રાપ્ત થયું હતું. સંઘે રાજનીતિમાં ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના સાથી તરીકે જે કાર્યકર્તાઓને પસંદ કર્યા તે પૈકી પંડિત દીનદયાળજી સાથે નાનાજી દેશમુખ પણ એક હતા.

## અનંતના યાત્રી

નાનાજી દેશમુખનું જીવન અનેક પ્રકારની સંભાવનાઓથી ઓતપ્રોત રહ્યું. પ્રત્યેક પળને જીવવાના ભરચક પ્રયાસમાં હંમેશ નૂતન દષ્ટિકોણ. એમના જીવનકવનમાં ઉજાગર થતા વિચાર અને કર્તૃત્વ આપણા મનમાં એક ચિરંજીવ અસર છોડી જાય છે. એમની અંતિમયાત્રાની સ્મૃતિ પણ અનેરી અનુભૂતિથી ઓતપ્રોત બની રહે છે.

## પાવન ધરા


ચિત્રકૂટ એક એવું પુણ્યકારી સ્થળ છે જે મહાપુરુષોને જ નહિ, ભગવાન સુધ્ધાંને પોતાના તરફ આકર્ષિત કરે છે. શ્રી રામ અને ગોસ્વામી તુલસીદાસે આ ભૂમિને હંમેશ માટે પાવન કરી છે. એને દુર્લભ અને પાવન સંયોગ કહી શકાય કે નાનાજીએ ભગવદ્‌મિલનની પ્રતીક્ષા માટે આ સ્થળ પસંદ કર્યું.

ત્યાગ, તપસ્યાના ધની મહાપુરુષ ખરે જ ક્યાંય જતા નથી. કર્મ જ નાનાજી માટે સાક્ષાત્ ઈશ્વર હતું. માનવમાત્ર માટેની ચિંતાના કારણે તેઓ સાક્ષાત્ દીનદયાળ હતા. ઈશ્વરને અહેસાસ થયો કે નાનાજીની કર્મસાધના પૂર્ણ થઈ છે અને એણે નાનાજીને વિશ્રામ આપવાનું નક્કી કર્યું. એમનું શરીર માત્ર ચાલ્યું ગયું. આવો ભાવ સ્વયં નાનાજીએ અનંતની યાત્રાએ ઊપડતાં પહેલાં સૌમાં જગાડ્યો હતો.

નાનાજીએ નશ્વર દેહ છોડ્યો કે સમગ્ર ચિત્રકૂટ પરિવારમાં એક સન્નાટો છવાઈ ગયો... ભય કે દુઃખની વ્યાકુળતા નહિ, પરંતુ એક આત્મિક શાંતિની અનુભૂતિ. સૌની આંખોમાં એક અલૌકિક ભાવ અને કૃતજ્ઞતાથી મસ્તક નત. એમના ચુંબકીય વ્યક્તિત્વે કેટલાયને પ્રભાવિત કર્યા'તા. પૂર્વ-પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીએ શોકવેળા સ્મરણ કર્યું : નાનાજી પડકારોને

ઝીલી લેનારા નિષ્ણાત હતા. એમના સંપર્કમાં જે આવ્યા, તે હંમેશ એમના સંપર્કમાં જળવાઈ રહ્યા. આ એમનું ચુંબકીય વ્યક્તિત્વ જ હતું. રાજકારણથી સ્વેચ્છાએ અળગા થઈ તેઓ આદર્શ ઉદાહરણ બની રહ્યા. કહી શકાય કે જ્યારથી નાનાજીએ સામાજિક જીવનમાં પદાર્પણ કર્યું ત્યારથી તેઓ આદર્શ ઉદાહરણરૂપ જ બનતા રહ્યા. એમની સામે પદ-પ્રતિષ્ઠા સહિત બધું છીછરું હતું. એમના સન્માનનું ઘનત્વ સતત વધતું જ રહ્યું.

એમની વિશ્રામ-ક્રીડાનો સાક્ષાત્ સાક્ષી બની રહ્યો ચિત્રકૂટ અને તેનો સમગ્ર માહોલ. દિલ્હી જવાની એમની લગીરેય ઇચ્છા ન હતી. સારવાર માટે તો દિલ્હી જવાનો એમણે સાફ નન્નો ભણ્યો હતો. સનાતન સત્યના એ જ્ઞાતા હતા કે વધતી જતી ઉંમરનો કોઈ ઉપચાર કરી શકે નહિ. આથી એમણે શનિવાર ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૦ સાંજે પોણા પાંચે ચિત્રકૂટના જાનકીકુંડમાં કાળદેવતા સાથેનો સંઘર્ષ સમેટી લીધો. શરીર છોડવાની પાંચ મિનિટ પહેલાં કાર્યકર્તા-પરિવારને મળી એમના ખબરઅંતર પૂછતા રહ્યા. સૌને છેક છેલ્લી ક્ષણ સુધી સ્નેહ, પ્રેમ, આત્મીયતા સાથે સતત કાર્ય કરવાની પ્રેરણા આપતા રહ્યા. એ પછી સુનિયોજિત પૂર્વતૈયારી અનુસાર દિલ્હીના અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન સુધી દેહયાત્રા માટે સિદ્ધ થયા. દસકા પૂર્વે એમણે દેહદાનની



દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમા સંમુખ નાનાજીના દેહને રાખવામાં આવ્યો. દીનદયાળજીના એકાત્મ માનવદર્શનને સાકાર કરવા માટે જ તો નાનાજી જીવ્યા હતા. બંને મનીષીઓના જીવન અનેકોના સ્મરણપટ પર જીવંત બની રહ્યાં.

ઘોષણા કરી હતી ને !

## કર્મ એ જ સંદેશ

રાજનીતિમાંથી સંન્યાસ લઈ સમાજકાર્ય અંગીકાર કરનાર માટે કર્મ એ જ સંદેશ બની રહ્યું હતું. સમાજકાર્ય કરવું હોય તો સર્વત્ર સ્વાગત છે. સાંઈઠ વર્ષ પછી રાજકારણથી ઉપર ઊઠી સામાજિક કાર્ય કરવું શક્ય છે. કાર્યતત્પરતા અને નિષ્ઠા હોય તો માર્ગ સ્વયં કંડારાશે. લાલકૃષ્ણ અડવાણીએ કહ્યું કે એમના જીવનમાંથી રાજનેતાઓએ પ્રેરણા લેવી જોઈએ કે રાજકારણમાં હોવા છતાં નાનાજીએ એના આકર્ષણ અને લપસણથી અંતર જાળવી રાખ્યું.

નાનાજી જે કાર્ય હાથ ધરતા એને પાર પાડીને જ જંપતા. જે તે ક્ષેત્રમાં દૃઢતાથી કામ કરી એમણે એક આભા ઊભી કરી. રાજકારણ અને સમાજકારણ બંનેમાં એમણે કીર્તિ પ્રાપ્ત કરી. અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન માટે એમનું દેહદાન યાદગાર ક્ષણ બની રહી. 'ચિત્રકૂટવાળા નાનાજી'ના પાર્થિવ દેહનાં દર્શનની સૌને એષણા હતી. ઝંડેવાલાનથી સંસ્થાન સુધીનો માર્ગ એમની ત્યાગ અને તપસ્યાનો સાક્ષી બની રહ્યો.

નાનાજીની આ અવિસ્મરણીય અનંતની યાત્રાએ સમગ્ર દેશમાં એક શોકમય વાતાવરણ ઊભું કરી દીધું. જાનકીકુંડ હૉસ્પિટલના ચોગાનની





પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એમને કલ્પનાલોકના સ્વામી કહ્યા કે જે સૌ પ્રથમ એક વિચાર સ્થાપિત કરતા હતા અને પછી એને સાકાર સ્વરૂપ આપતા હતા. એમના સતત, અણથક પરિશ્રમે ગામડાંઓની ઉન્નતિમાં સિંહફાળો આપ્યો.

બહાર નિધનના સમાચાર પ્રસરતાં જ ચિત્રકૂટ શોકમાં ડૂબી ગયું. દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાની છાયામાં એમનો દેહ જનતાના દર્શનાર્થે રાખવામાં આવ્યો. રાતભર, સતત શ્રદ્ધાંજલિ અર્પવાનો ક્રમ ચાલુ રહ્યો. સમગ્ર વાતાવરણમાં એમની ઉપસ્થિતિનો આભાસ સૌને થઈ રહ્યો હતો. ચિત્રકૂટના કણ કણમાં નાનાજી વસ્યા'તા ને !

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ, સહયોગી પ્રધાનો, સાંસદો, ધારાસભ્યો અને કાર્યકર્તાઓએ નાનાજીને આખરી પ્રણામ કર્યા. સંત, મહંત, તમામ પક્ષના રાજનેતાઓ, વ્યવસાયીઓ અને અધિકારીઓએ પણ અંતિમ પ્રણામ કર્યા. એમના પાર્થિવ દેહને સ્વયં મુખ્યમંત્રી મોટરમાર્ગે ચિત્રકૂટથી સતના લાવ્યા. હવાઈપટ્ટી પર લોકોએ એમનાં અંતિમદર્શન કર્યાં.

## લાગણીભીનાં સ્પંદનો

ખરેખર તો નાનાજી અનેક કાર્યકલાપો થકી ચિત્રકૂટમાં ધબકતા રહ્યા'તા. એમની સ્મૃતિઓ અનેક સ્થળોએ જીવંત બની એમના વ્યક્તિત્વની ઝાંખી કરાવી રહી હતી. કોઈને સહજ વિશ્વાસ થતો ન હતો કે નાનાજી હવે અહીં નથી. આ લાગણીભીનાં સ્પંદનો વચ્ચે ચિત્રકૂટમાં એમના અંતિમસંસ્કાર આવશ્યક હતા. સંતસમાજની સલાહાનુસાર નારાયણ બલિના રૂપે આ સંસ્કાર કરવામાં આવ્યા. ભગવાન રામે દશરથ રાજાની મૃત્યુ વેળા આ સંસ્કારવિધિ કરી હતી એવો શાસ્ત્રોક્ત ઇતિહાસ છે.

નાનાજીએ કેટલાય લોકોમાં ઊર્જાનો સંચાર કર્યો હતો. એમના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવનાર પ્રત્યેક એમના અપ્રતિમ કાર્યોથી પ્રભાવિત થઈ નતમસ્તક થઈ રહ્યા'તા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એમને કલ્પનાલોકના સ્વામી કહ્યા કે જે સૌ પ્રથમ એક વિચાર સ્થાપિત કરતા હતા અને પછી એને સાકાર સ્વરૂપ આપતા હતા. એમના સતત, અણથક પરિશ્રમે ગામડાંઓની ઉન્નતિમાં સિંહફાળો આપ્યો કે જેથી લોકસભાનાં અધ્યક્ષા સુશ્રી મીરાકુમાર પણ મૃત્યુના સમાચારથી ભાવવિહ્વળ થઈ ગયાં. એમણે નાનાજીને ખ્યાતનામ કિસાન અને સમાજસેવી ગણાવી કહ્યું કે તેઓ ગામડાંની સંપૂર્ણ કાયાપલટના વાહક બન્યા હતા. નાનાજીના પ્રાથમિક શિક્ષણથી માંડી ગ્રામોદય વિશ્વવિદ્યાલય તેમજ ગ્રામીણ ઉત્થાનનાં કાર્યોની મર્મસ્પર્શી પહેલને યાદ કરી એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. રાજ્યસભાએ પણ પોતાના જ સભ્ય એવા નાનાજીને



શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સ્વાભાવિક રીતે જ ગૃહના કામકાજ વેળા નાનાજીએ પોતાના રચનાત્મક અભિગમ દ્વારા સૌને અનુરોધ કર્યો હતો કે સામાજિક કાર્યકરને એ ધ્યેયનું સદૈવ સ્મરણ રહે કે ગામડાંઓના સમગ્ર ઉત્થાનથી જ દેશનો સમન્વયી વિકાસ થઈ શકશે. નાનાજી એ માર્ગ કંડારી સ્વયં અગ્રેસર બન્યા હતા.

વિમાનમાર્ગે નાનાજીના દેહને સતનાથી દિલ્હી લાવવામાં આવ્યો. દિલ્હીના હવાઈમથકે નાનાજીના અંતિમદર્શન માટે ચારેકોરથી લોકસમૂહ ઊમટી પડ્યો હતો. લોકસભા ઉપાધ્યક્ષ શ્રી કરિયા મુંડા, સુષમા સ્વરાજ, અરુણ જેટલી, નીતિન ગડકરી, રાજનાથસિંહ જેવા ગણમાન્યો સહિત અનેક કાર્યકર્તાઓ સામેલ હતા.

નાનાજીના દેહને દીનદયાળ શોધ સંસ્થાન ખાતે લવાયો. આ જ તો હતી એમની તેજોમય તપસ્થળી! નાનાજીની વાણી અને શરીરના શાંત થવાથી સંસ્થાનનું ભવ્ય ભવન પણ ઉદાસ ભાસતું હતું. નાનાજીની પ્રતિભાને કારણે જ તો અહીં કેટકેટલી હસ્તિઓ ખેંચાઈને આવી નતમસ્તક થઈ હતી.

## દીનદયાળની છાયામાં

દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમા સંમુખ નાનાજીના દેહને રાખવામાં આવ્યો. દીનદયાળજીના એકાત્મ માનવદર્શનને સાકાર કરવા માટે જ તો નાનાજી જીવ્યા હતા. બંને મનીષીઓના જીવન અનેકોના સ્મરણપટ પર જીવંત બની રહ્યાં. નાનાજીની અંતિમ વિદાય મૌનથી પરિપૂર્ણ બની રહી. અંતિમયાત્રા ઝંડેવાલાન તરફ આગળ ધપી. દીનદયાળ ભવનના મુખ્ય દ્વાર પર નાણાવટીના અનેક છોડો છે. નાનાજીનો સ્નેહાળ સ્પર્શ એમનાં પર્ણોને કેટલી બધી વખત સાંપડ્યો હતો... એની પણ વિદાય લીધી. આ ભાવભીના અવસરે પૂર્વ-રાષ્ટ્રપ્રમુખ અબ્દુલ કલામ, નાનાજીના પરિવારજનો અને સંસ્થાન-પરિવારે એમને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. એ પછી એમના દેહને સંઘકાર્યાલય 'કેશવકુંજ' લવાયો. નાનાજીને અંતિમ પ્રણામ નિવેદિત કરવા અહીં પુનઃ એકવાર જનસમૂહ ઊમટી પડ્યો. સંઘ અધિકારીગણ, રાજનેતાઓ અને હજારો શુભચિંતકોએ પોતાના માર્ગદર્શકના પાર્થિવ શરીરનાં દર્શન કરી પુષ્પ અર્પણ કર્યાં.

નાનાજીએ પોતાની સારવાર માટે ભલે દિલ્હી આવવાની ના પાડી દીધી હતી, પણ બીજાના ઉપચાર માટે એમનો દેહ પ્રયોગરૂપ બને એવી એમની તીવ્ર ઇચ્છા રહી હતી. એમનો દેહ અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન ખાતે લઈ જવાયો. દધીચિ દેહદાન સમિતિ સમક્ષ એમણે જીવનની ૮૧મી વર્ષગાંઠે દેહદાની તરીકે પોતાની નોંધણી કરાવી હતી અને રૂ. ૧૧,૦૦૦ ભેટ આપ્યા હતા. લોકો એમના જીવનકવનનું ભાવપૂર્ણ સ્મરણ કરી રહ્યા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક શ્રી મોહનરાવ ભાગવતે કહ્યું કે નાનાજી હંમેશ સૌની જોડે સહજ, સરળ વ્યવહાર રાખનાર વ્યક્તિ હતા. એમના આદર્શને અપનાવતી વખતે આ સહજ લાક્ષણિકતા પ્રત્યે સૌનું ધ્યાન રહેવું જોઈએ. પ્રારંભથી જ તેઓ સર્વેજનો સંગાથે સંપર્ક જાળવી રાખવાની બાબતમાં પ્રભુતાસંપન્ન હતા. આથી જ તો તેઓ સમગ્ર પરિવર્તનના સંવાહક બની શક્યા. નાનાજીના પ્રશંસક ખ્યાતિપ્રાપ્ત ભજનિક અનૂપ જલોટાએ પોતાના

શ્રી અડવાણીએ કહ્યું કે વિભાજન પછી તેઓ આ દેશમાં આવ્યા ત્યારે જનસંઘની સ્થાપના થઇ ગઇ હતી. એ સમયે સર્વત્ર પંડિત દીનદયાળ અને નાનાજીનું નામ જ સાંભળવામાં આવતું હતું. આજેય માહોલમાં સર્વત્ર નાનાજીના નામનો જીવંત અહેસાસ થઈ રહ્યો હતો.



## સમાજસેવાના ભેખધારી બન્યા

કટોકટી પછી ૧૯૭૭માં દેશમાં શ્રી મોરારજીભાઈ દેસાઈની સરકાર રચાય અને નાનાજીને પ્રધાનમંડળમાં સામેલ થવા આમંત્રણ આપવામાં આવ્યું ત્યારે નાનાજીએ સવિનય ઇન્કાર કરતાં મોરારજીભાઈને પણ સલાહ આપતાં કહ્યું હતું કે સત્તાનાં સૂત્રો યુવાન લોકોને સોંપી નિવૃત્ત થવું જોઈએ. ત્યારે મોરારજીભાઈ રોષિત થયેલા. નાનાજીએ સંસદમાં કહેલું કે ૬૦ વર્ષની ઉંમરે રાજનેતાઓએ નિવૃત્તિ લઈ સમાજસેવાના કાર્યમાં લાગી જવું જોઈએ. નાનાજીને જ્યારે ૬૦ વર્ષ પૂર્ણ થયાં તે દિવસથી જ તેઓ સાંસદ તરીકે નિવૃત્તિ લઈ સમાજસેવાના કાર્યમાં લાગી ગયા.

નાનાજી દેશમુખે 'દીનદયાળ શોધ સંસ્થાન'ની સ્થાપના કરી અને તેના માધ્યમ દ્વારા ઉત્તર પ્રદેશનો ગોંડા જિલ્લો લાંબા સમયથી દેશના સૌથી વધુ પછાત જિલ્લાઓમાંનો એક જિલ્લો રહ્યો છે. નાનાજીએ જિલ્લાને દત્તક લીધા બાદ બે વર્ષના ગાળામાં જ ૨૦,૦૦૦ ટ્યૂબવેલ ખોદવાના લક્ષ્યાંક સામે ૨૮,૦૦૦ ટ્યૂબવેલ ખોદાઈ ગયા. દીનદયાળ શોધ સંસ્થાને લોકોને સરકારી સહાય અને બેંકની લોનનો લાભ લેતાં શીખવ્યું. ગોંડા જિલ્લાના ખેડૂતોએ સિંચાઈની સમસ્યાના ઉકેલ માટે લોખંડના પાઈપોને બદલે વાંસના બાંબુનો ઉપયોગ શરૂ કર્યો. બળદની મદદથી ચાલતા વોટરપમ્પ, ગામડાના મોચીએ બનાવેલી બાટાને ટક્કર મારે તેવી મોજડી, ગોમૂત્ર અને ગોબરના ખાતરના પ્રયોગો દ્વારા બમણું અન્ન ઉત્પાદન વગેરે પ્રવૃત્તિઓએ ખેડૂતોને સ્વાવલંબી બનાવ્યા. આજે ગોંડા, બીડ અને ચિત્રકૂટની આસપાસનાં ૫૦૦ જેટલાં ગામડાં સંપૂર્ણ સ્વાવલંબી છે.

નાનાજીએ ચિત્રકૂટ ખાતે જ દેશની પહેલી "ગ્રામોદય વિશ્વવિદ્યાલય"ની સ્થાપના કરી અને તેના પહેલા કુલાધિપતિ બન્યા. દીનદયાલ શોધ સંસ્થાને શરૂ કરેલા ગ્રામોદયના વિભિન્ન કાર્યક્રમોને કારણે એક લાખ કરતાં વધારે પરિવારોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો. ગોંડા ગ્રામોદય પ્રકલ્પને માત્ર દેશના લોકોએ જ નહિ, પરંતુ દુનિયાના લોકોએ વખાણી, નાનાજીના આ વિચારનું અવલોકન કર્યું છે. ઇંગ્લેંડના (ભારત ખાતેના) હાઈકમિશનર જ્હોન થોમસ ગોંડા પ્રકલ્પના સમગ્ર વિસ્તારમાં મોટર સાઇકલ પર ફરી, સમગ્ર પ્રકલ્પ રસપૂર્વક નિહાળ્યો હતો. નાનાજીના વિચારોથી ખેડૂતોએ જે કમાલ કરી બતાવી હતી, તે નિહાળી હાઈકમિશનર ચકિત રહી ગયા હતા. શિક્ષણક્ષેત્રે પણ નાનાજીને અત્યંત રુચિ હતી. ૧૯૫૦માં આજની વિદ્યાભારતીના મૂળ સમું પહેલું સરસ્વતી શિશુમંદિર તેઓએ ગોરખપુરમાં શરૂ કર્યું હતું. આજે દેશભરમાં વિદ્યાભારતી સંચાલિત સ્થાપેલ ૫૦,૦૦૦ કરતાં વધુ શૈક્ષણિક એકમો કાર્યરત છે.

ભજનોથી પ્રેરણાદાયી માહોલમાં એક અધ્યાત્મની છાંટ ઉમેરી દીધી.

ચિત્રકૂટ નાનાજીનું પાવન કર્મસ્થળ. અહીં પણ શ્રદ્ધાંજલિનો દોર ચાલી રહ્યો'તો. હિન્દુ આસ્થા પ્રમાણે નાનાજીના દસમા-તેરમાની વિધિ સંપન્ન થઈ. ૯ માર્ચે શુદ્ધિ સંસ્કારમાં ચિત્રકૂટ પરિવાર સહિત આસપાસના ગ્રામવાસીઓએ પિંડદાનથી માંડીને તમામ ઔપચારિક વિધિઓ સંપન્ન કરી. આ પ્રસંગે શ્રી અશોક સિંહલે સમુચિત સ્મરણ કર્યું કે નાનાજીએ મહાત્મા ગાંધીનું વાસ્તવિક અનુસરણ કરી ગ્રામસ્વરાજની



કલ્પનાને સાકાર કરી દેખાડી.

## પ્રેરણાના સ્વરો

ચિત્રકૂટમાં તેરમાના પ્રસંગે પુનઃ એક વાર નાનાજીની શોકસ્મૃતિમાં સૌ ભેગા મળ્યા. ખરેખર તો એને પ્રેરણાસભા કહેવી વધુ યોગ્ય ગણાશે. ગ્રામજનો સાથે એકસંગ બની સૌએ પ્રસાદ ગ્રહણ કર્યો. પોતાના મન, હૃદયમાં ઊઠતી ભાવાનુભૂતિઓથી પ્રત્યેક સ્પંદિત હતા. શ્રી અડવાણીએ કહ્યું કે વિભાજન પછી તેઓ આ દેશમાં આવ્યા ત્યારે જનસંઘની સ્થાપના થઈ ગઈ હતી. એ સમયે સર્વત્ર પંડિત દીનદયાળ અને નાનાજીનું નામ જ સાંભળવામાં આવતું હતું. આજેય માહોલમાં સર્વત્ર નાનાજીના નામનો જીવંત અહેસાસ થઈ રહ્યો હતો. કર્મયોગી અને દ્રષ્ટા પંડિત દીનદયાળ ઉપાધ્યાય સાથે નાનાજીએ પોતાની જાતને જોડી દીધી અને આજીવન એમના પૂરક બનીને રહ્યા.

આ અવસર પર આયોજિત વિશાળ ભંડારો પણ એક અનોખી ઘટના છે... સમગ્ર ચિત્રકૂટ અહીં આકર્ષિત થઈ આવી પહોંચ્યું હતું. ગ્રામોદય વિદ્યાલયના ખુલ્લા મેદાનમાં દિવસભર અતિથિઓનો દોર ચાલુ રહ્યો. બપોરથી માંડી સાંજ સુધી હજારો લોકોએ ભંડારાનો પ્રસાદ ગ્રહણ કર્યો. આ સમગ્ર વ્યવસ્થા એ જ ગ્રામવાસીઓએ કરી જેમના જીવનમાં પ્રકાશ આણવા માટે નાનાજીએ સ્વયં તપસ્યામય અનેક કાર્યો કર્યાં હતાં. ભોજન બનાવવા માટે હજારો મહિલા-પુરુષ સ્વેચ્છાએ ગામોમાંથી આવ્યાં. ચિત્રકૂટની શૈક્ષણિક તેમજ સમાજસેવી સંસ્થાઓએ બાર બાર કલાક ભોજનવિતરણ કર્યું. લોકો પોતપોતાનાં ઘરોમાંથી આ ભોજન સામગ્રી લઈને આવ્યા હતા.


પ્રસાદ ગ્રહણ કરી નાનાજીના માનસપુત્રોએ એમને સનાતન પદ્ધતિ અનુસાર અંતિમ વિદાય આપી. એક નવીન અને ચિરંજીવ સ્વરૂપે નાનાજીનું સ્વાગત કર્યું જે નાનાજીનો નાતો હંમેશ ચિત્રકૂટ સાથે જોડી રાખશે. ચિત્રકૂટની તો પરંપરા જ છે કે એકવાર તેઓ જેને અપનાવે છે એને છોડતા નથી ! એક અભિન્ન ઋણાનુબંધની એ અનુભૂતિ નો'તી ?

## અનોખી છટા

ઉચ્ચ પદ ખાલી કર્યા બાદ એકડે એકથી આરંભી એવી જ ઊંચાઈ પુનઃ સર કરવા માટે સંકલ્પ અને સાધના આવશ્યક હોય છે. રાજકીય ક્ષેત્રે શિખરે પહોંચ્યા પછી સત્તામોહથી ગ્રસ્ત થયા સિવાય પુનઃ ધરતીનો સ્પર્શ કરવા ઊતરી આવવું સહજ અને સહેલું નથી. નાનાજી દેશમુખ જેવા નોખી માટીના માનવી જ એ સાધી શકે. સત્તાકેન્દ્રિત રાજનીતિથી સમાજલક્ષી પ્રવૃત્તિઓને જીવનસાધના બનાવી એમણે પંડિત દીનદયાળના એકાત્મ માનવદર્શનને સાકાર કરવા માટે જે.પી.ના સંપૂર્ણ ક્રાંતિના પથે પગરણ માંડ્યાં હતાં. એ સમયે નાનાજી દેશમુખનું વ્યક્તિત્વ એક અનોખી છટા વિખેરી રહ્યું હતું.

નાનાજીના મનોગત અને સંકલ્પને જાણવા હોય તો ૧૯૭૮નું એ સંપૂર્ણ ભાષણ ધ્યાને લેવું અનિવાર્ય બની રહે છે. 'જય માતૃભૂમિ' સાપ્તાહિકના પ્રકાશન અવસરે લોકનાયક જયપ્રકાશ અને બિહારના મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુરની અધ્યક્ષતામાં એ ભાષણની ઐતિહાસિક અભિવ્યક્તિ થઈ હતી : એ દિવસ હતો ૮ ઑક્ટોબર, ૧૯૭૮.

યુવકો પ્રત્યે નાનાજીને પ્રગાઢ ભરોસો હતો. દેશ માટે યુગાનુકૂળ પરિવર્તન સાધવું હોય તો એ માટેના વાહકો યુવકો જ બની શકે એમ છે. યુવા પેઢીમાંની એમની આશા, આકાંક્ષાઓએ જ તો એમણે યુવકશક્તિના ભરોસે રચનાત્મક કાર્યો દ્વારા રાષ્ટ્રને સર્વાંગીણ વિકાસના પથે લઈ જવાના સંકલ્પમાર્ગે આગળ વધવાની હામ ભીડી હતી.



"૨૦ એપ્રિલ, ૧૯૭૮માં મેં રાજધાનીના પત્રકારબંધુઓ સમક્ષ મારા મનનો એ ભાવ પ્રગટ કર્યો હતો કે યુવાપેઢીની કાર્યશક્તિને રચનાત્મક દિશાઓમાં પ્રવાહિત કરવા માટે કેટલાક વરિષ્ઠ તેમજ પ્રભાવશાળી નેતાઓએ રાજસત્તાથી વેગળા થઈ રચનાત્મક કાર્યનું પ્રત્યક્ષ ઉદાહરણ પ્રસ્તુત કરવું જોઈએ. એ સમયે મેં મારો વ્યક્તિગત સંકલ્પ પણ ઘોષિત કર્યો હતો કે એક સાધારણ કાર્યકર્તાના નાતે હું મારું શેષ આયુષ્ય યુવાપેઢી સાથે સહયોગ કરતાં કરતાં દેશની સામાજિક, આર્થિક પુનર્રચનાની દૃષ્ટિએ કેટલાક રચનાત્મક પ્રયોગમાં ગાળવા ઇચ્છું છું.

મારા માટે એ બહુ જ સંતોષ અને ઉત્સાહની વાત છે કે મારી આ વિનમ્ર ઘોષણા પ્રત્યે સંપૂર્ણ દેશનું ધ્યાન આકર્ષિત થયું. દેશભરના સમાચારપત્રો, યુવક સંગઠનો, રાજકીય તથા બુદ્ધિજીવી ક્ષેત્રોમાં એ પરત્વે પ્રતિક્રિયા અને ચર્ચા થઈ. આ રાષ્ટ્રીય ચર્ચાને હું આવકારું છું કારણ કે એ મારા માટે અત્યંત ઉદ્‌બોધક અને પ્રેરક સિદ્ધ થઈ છે. આ ચર્ચાના ગંભીર અધ્યયન પછી હું એ નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે મારા મૂળ વિચારનું સ્વાગત કરવા છતાંય કેટલાક લોકોને હૈયાધારણ નથી કે પોતાના જીવનનો લાંબો સમય રાજનીતિમાં ખપાવી દઈ અને રાજનીતિમાં આગળ વધ્યા પછી શું કોઈ રાજનીતિજ્ઞ ખરેખર રચનાત્મક કાર્યમાં પ્રવૃત્ત થવાનો વિચાર કરી શકે છે ? એવા વિચારને સાચા હૃદયથી ક્રિયાન્વિત કરી શકે છે ? કેટલાક લોકોને આશંકા થઈ કે ક્યાંક આ કથન પાછળ કોઈ રાજકીય ચાલ તો નથી ? કેટલાક બંધુઓએ એને શાસક પક્ષની આંતરિક સ્પર્ધાત્મક રાજનીતિ સાથે જોડી અમુક નેતાઓને 'સત્તામાંથી હટાવવાની સુનિયોજિત વ્યૂહરચના' જ ધારી લીધી. હું એ શંકાશીલ બંધુઓને આ માટે લગીરેય દોષી ઠેરવતો નથી. એમના મનની આ શંકાઓ ભારતની રાજકીય કાર્યપ્રણાલી, એ કાર્યપ્રણાલીમાંથી ઉત્પન્ન નેતૃત્વ અને ઊપજેલી રાજકીય સંસ્કૃતિ પ્રત્યે જનમાનસમાં વ્યાપ્ત ઊંડી અનાસ્થાની જ પરિચાયક છે. આ અનાસ્થાની પેદાશ માટે સમાજ નહિ, રાજકીય નેતૃત્વ સ્વયં દોષી છે.

## તર્ક નહિ, કૃતિ

હું માનું છું કે આ શંકાઓનું નિવારણ કેવળ શાબ્દિક તર્કવાદ દ્વારા શક્ય નથી. એ માટે કથની-કરણીમાંનું વર્તમાન અંતર હટાવવું પડશે. હું અન્ય રાજકીય કાર્યકર્તાઓ વતી કંઈ કહી શકું નહિ, પણ મારા તરફથી દેશવાસીઓને એ દર્શાવવું આવશ્યક સમજું છું કે મારા સંકલ્પને કાર્યાન્વિત કરવાનો સમય આવી પહોંચ્યો છે. ૧૧ ઑક્ટોબર, ૧૯૭૮માં મારી જિંદગીનાં ૬૨ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. ગયા વર્ષે ૬૧ વર્ષ પૂર્ણ થયાં ત્યારે મેં મનોમન આ સંકલ્પ કર્યો હતો. એ સમયથી હું મન, મસ્તિષ્કને આ દિશામાં તૈયાર કરવા અને મારી વર્તમાન રાજકીય જવાબદારીઓમાંથી ધીમે ધીમે મુક્ત થવાની દિશામાં આગળ વધતો રહ્યો છું. હવે હું એ સાર્વજનિક ઘોષણા કરવાની સ્થિતિમાં છું કે ૧૧ ઑક્ટોબરથી હું સત્તા અને પક્ષીય રાજનીતિથી અલગ થઈને મારો સમય પહેલેથી



પ્રારંભેલા અને આવશ્યકતાનુસાર અન્ય નવીન રચનાત્મક કાર્યોમાં લગાવી શકીશ.

ગયા એપ્રિલમાં મારા મનોભાવની સાર્વજનિક અભિવ્યક્તિને કારણે રાષ્ટ્રીય ચર્ચા ચાલી હતી. એના અધ્યયન પછી મને આવશ્યક પ્રતીત થાય છે કે દેશવાસીઓને મારા આ નિર્ણયની જાણ કરતી વેળા મારે મારી એ વિચારપ્રક્રિયાને પણ વિસ્તારપૂર્વક દેશવાસીઓ સમક્ષ પ્રસ્તુત કરવી જોઈએ જેણે મને આ નિર્ણય પર પહોંચાડ્યો છે. આ એક પ્રકારે મારા ૨૦ એપ્રિલ, ૧૯૭૮ના સૂત્રમય વક્તવ્યની વ્યાખ્યા માત્ર હશે.

આજથી ૭૭ વર્ષ પહેલાં ૧૯૩૪માં એક વિદ્યાર્થીના રૂપમાં મારું જીવન સાર્વજનિક કાર્ય સાથે જોડાયું હતું. એ સમયે દેશના વાયુમંડળમાં સ્વાધીનતા આંદોલનના નારા ગાજી રહ્યા હતા. ભાવુક યુવક હૃદયમાં દેશની સ્વાધીનતા માટેની વ્યાકુળતા સર્વવ્યાપી હતી. સ્વાધીન ભારતના કેટલાય ઉદાત્ત અને આકર્ષક સપનાં એ સંઘર્ષયુગના યુવકોની આંખોમાં તરી રહ્યા હતા. સ્વાતંત્ર્યપ્રાપ્તિનાં ૩૧ વર્ષ પછી જ્યારે હું સ્વાધીન ભારતના વર્તમાન દૃશ્ય પર દૃષ્ટિપાત કરું છું તો મનમાં સહજ પ્રશ્ન ઊભો થાય છે કે શું સ્વાધીન ભારતનું આ જ ચિત્ર છે, જેના નિર્માણ માટે દેશે અનેક પેઢીઓ સુધી પ્રદીર્ઘ અને વિકટ સ્વાધીનતાની લડાઈ લડી હતી ? દયાનંદ, વિવેકાનંદથી માંડીને ગાંધી સુધી અને ટિળકથી માંડીને સુભાષ બોઝ સુધી મહાપુરુષોની એ માલિકા, જેણે આપણા સ્વાધીનતા સંગ્રામના જીવનદર્શનનું ઘડતર કર્યું, એના માટે ત્યાગ અને બલિદાનનો પાયો તૈયાર કર્યો અને છેવટે એને સફળતા પ્રાપ્ત કરાવી દીધી, જો સ્વાધીન ભારતમાં એકાએક અવતાર લે તો આજનું દૃશ્ય જોઈને એમને કેવું લાગશે ? આ દૃશ્યમાં એમને પોતાનાં સ્વપ્નોની પૂર્તિ દેખાશે કે સમાધિ ?

> વિકાસની ઝાકઝમાળ વચ્ચે નાનાજી યુવકોને મૂળગામી દિશાનો સંકેત કરે છે. તેઓ કહે છે : 'મંદિરનું બાંધકામ કળશથી આરંભાય છે કે પાયાથી ? ભારતનાં છ લાખ ગામો દેશના પાયાનાં પ્રતીક છે. આટલાં વર્ષોની સ્વતંત્રતા પછીય ગામો દયનીય દશામાં છે. ગામોની દશા આવી જ રહી તો ઝગમગતી રાજધાનીનું ભાવિ કેવું રહેશે ?

## યુવકોના માર્ગદર્શક

નાનાજીની અતૂટ શ્રદ્ધા જ યુવકો માટે પ્રેરક પાથેય અને અણમોલ વારસો છે. યુવકો પ્રત્યે નાનાજીને પ્રગાઢ ભરોસો હતો. દેશ માટે યુગાનુકૂળ પરિવર્તન સાધવું હોય તો એ માટેના વાહકો યુવકો જ બની શકે એમ છે. યુવા પેઢીમાંની એમની આશા, આકાંક્ષાઓએ જ તો એમને યુવકશક્તિના ભરોસે રચનાત્મક કાર્યો દ્વારા રાષ્ટ્રને સર્વાંગીણ વિકાસના પથે લઈ જવાના સંકલ્પમાર્ગે આગળ વધવાની હામ ભિડાવી હતી. જીવનકાળનો નિચોડ અભિવ્યક્ત કરી એમણે યુવકોને પરિવર્તનના વાહક બનવા પ્રેરિત કર્યા હતા. અંતિમ વર્ષોમાં એમણે અલગ અલગ વિષયો પર યુવકોને આવાહન કરતા માર્ગદર્શક વિચારો દ્વારા અનુભવનો અમૃતકુંભ ધરી દીધો હતો. યુવાપેઢીને સંબોધીને લખેલા પત્રો પરિવર્તનના પંથને અજવાળી શકે છે. એ સમગ્ર પત્રોમાંથી પ્રસ્ફુટિત થતી કેટલીક સારરૂપ વાતો જાણવી ગમે એવી છે.

## નિરંતર વિકાસ કાજે

સ્વતંત્રતા સંગ્રામનો અંજામ ભારતના ભાગલાના દર્દ સહિતની આઝાદી રૂપે થયો. સંવિધાન અને લોકતંત્ર અપનાવ્યા પછી પણ આપણા દેશના એક તૃતીયાંશથી વધુ દેશવાસીઓ અત્યંત ગરીબાઈમાં જીવી રહ્યા છે. તેઓ



મૂળભૂત અધિકારોથી પણ વંચિત છે. બીજી બાજુ આપણા રાજકીય નેતાઓ વધુ ને વધુ ધનિક બન્યે જાય છે. અધિકારોના દુરુપયોગને કારણે પ્રજા ત્રસ્ત બની રહી છે. તત્કાલીન પરિસ્થિતિનું તથ્યાત્મક અને સટીક વર્ણન કરી નાનાજી યુવકોને આશાવાન વિકલ્પના માર્ગે દીનદયાળ શોધ સંસ્થાનના સ્વાવલંબન પર આધારિત ચિત્રકૂટ પ્રકલ્પની સાર્થક દિશા પણ ચીંધે છે.

ગ્રામ્યવિસ્તાર કોઈ પણ દેશની સુયોગ્ય ઉન્નતિ માટે મૂળભૂત સ્રોત છે. એને પ્રગતિનો સુદૃઢ આધાર માની સ્વાભિમાની અને સ્વાવલંબી જીવન ઊભું કરી શકાય એમ છે. આ પડકારને ઝીલી લઈ ભારતીય યુવકો કામે લાગી જાય તો માત્ર જીવન જ સાર્થક બનશે એટલું જ નહિ, માનવમાત્ર માટે પ્રગતિનો આદર્શ માર્ગ કંડારી શકાશે.

સમયની માગ છે કે વિકાસની એવી નીતિ અપનાવીએ કે જેમાં લોકભાગીદારી સુનિશ્ચિત હોય અને લોકહિતનાં કામો પૂરાં કરવા માટે જવાબદારીની ભાવનાથી ઓતપ્રોત શાસનતંત્ર હોય. આને કારણે લોકોની આંતરિક ક્ષમતાઓ વધારવામાં અને કંઈક નવું કરવાની તત્પરતા જગાડવામાં મદદ મળી શકે. આ માર્ગે જ સામાજિક સમાનતા અને ન્યાય આધારિત વિકાસ સાધી શકાય. આના આધારે લોકતંત્રના સશક્તીકરણ સહિત વિકાસના લક્ષ્યાંકો ઓછા ખર્ચમાં સાધ્ય કરી શકાય. સામાન્ય લોકોનો આગળ વધવાનો ઉત્સાહ અને પુરુષાર્થ વધે એ માટે ચિત્રકૂટની આસપાસના ગામોમાં પરિવર્તનને સાકાર કરવાનું નમૂનેદાર કાર્ય યુવાશક્તિના સહારે જ સિદ્ધ કરી શકાયું છે.

ગામોમાં શૂન્ય બેરોજગારી, શૂન્ય ગરીબી, શૂન્ય કુપોષણ, શૂન્ય ન્યાયિક ઝઘડા અને સ્વચ્છ, હર્યુંભર્યું વાતાવરણ સાકાર કરી શકાયું. આ કાર્ય પણ સમયમર્યાદા પહેલાં જ શક્ય બન્યું એ યુવક અને ગામની શક્તિના સમન્વયની જ દેણ છે. દીનદયાળ શોધ સંસ્થાને ૫૦૦ ગામોમાં આ ચમત્કાર કરી દેખાડી યુવાશક્તિમાં મુકાયેલ વિશ્વાસને ચરિતાર્થ કરી બતાવી આપ્યું કે રચનાત્મક પરિવર્તન માટે યુવકો પ્રત્યેની નાનાજીની શ્રદ્ધા કેવી ફળદાયી બની છે. નિસ્વાર્થી અને ઉત્સાહી કાર્યકર્તાઓનો સહયોગ સાંપડે તો લોકોમાંની સુષુપ્ત ઊર્જા અને ક્ષમતા બહાર આવીને પરિવર્તનને અવશ્ય સાકાર કરી શકે. રાજનીતિમાંથી સંન્યાસ લીધા પછી નાનાજીએ આશા સેવી હતી કે ઉદ્યોજકો સામુદાયિક વિકાસના કાર્યોમાં સક્રિય ભાગીદાર બની રહે. ઉદ્યોજકોની પરંપરાગત પ્રબંધ પ્રતિભા અને ક્ષમતાને લોકકાર્યોમાં જોડી શકાય તો વ્યાપક અને ગતિશીલ પરિણામ પ્રાપ્ત કરી શકાય. વિકાસના મહાયજ્ઞમાં ઉદ્યોગજગત વધુ સંવેદનશીલ બને એવી એમની હંમેશ હાર્દિક આકાંક્ષા રહી.

## સ્વતંત્રતાથી સ્વાધીનતા

સ્વતંત્ર ભારતના નેતૃત્વએ ગૌરવપૂર્ણ ઇતિહાસથી કરેલા સંબંધવિચ્છેદ પ્રત્યેની વ્યથા સૌ કોઈ અનુભવી શકે. એથી જ તો આપણાં જીવનમૂલ્યો પર આધારિત સંવિધાનના નિર્માણમાં આપણી સ્વતંત્ર બુદ્ધિનો લગીરેય ઉપયોગ કરાયો નહિ. આથી સમાજજીવનનું મહત્ત્વ સમજવાને બદલે સત્તાપ્રાપ્તિ માટે સ્વતંત્ર ભારતના રાજનેતાઓએ સમાજને યથેચ્છ રીતે વેરિવખેર કરી દીધો. વ્યક્તિવાદ, જૂથબંધી અને ભ્રષ્ટાચારની બોલબાલા એટલે જ આપણી રાજકીય યાત્રાના વિવિધ અધ્યાયો.


ભારતીય જીવનદૃષ્ટિ કોઈને મુસલમાન, ખ્રિસ્તી, પારસી કે યહૂદી તરીકે નિહાળતી નથી. માનવને માનવ માનતી વ્યવહાર દૃષ્ટિ એટલે જ 'વસુધૈવ કુટુંબકમ્'. આ ભારતીય સંસ્કૃતિ સમાજમાં પ્રગટી રહેવી જોઈએ. આપણો સ્વાતંત્ર્ય

સંગ્રામ કેવળ આપણી રાજસત્તા પરત મેળવવા માટે જ નહિ, પરંતુ વિશ્વભરમાં સહઅસ્તિત્વનો સ્નેહમય, સહયોગપૂર્ણ અને પ્રગતિશીલ જીવનનો અનુકરણીય આદર્શ પ્રસ્તુત કરવા માટે છે.

ચૂંટણી પ્રક્રિયા એટલે જ લોકતંત્ર નહિ. લોકપ્રતિનિધિએ પોતાના વિસ્તારના બધા નાગરિકોના સક્રિય સહકારથી સમાજની યુગાનુકૂળ નવરચનાના પ્રયાસો બળવત્તર કરવા રહ્યા. સુશાસન માટે સમાજની મૂળભૂત શક્તિ જાગે એ લોકતંત્રની સફળતાની બાંયધરી છે. દેશનાં છ લાખ ગામડાં સ્વાવલંબી અને સ્વાભિમાની નહીં બને ત્યાં સુધી આઝાદીનો કોઈ અર્થ નથી.

વિકાસની ઝાકઝમાળ વચ્ચે નાનાજી યુવકોને મૂળગામી દિશાનો સંકેત કરે છે. તેઓ કહે છે : 'મંદિરનું બાંધકામ કળશથી આરંભાય છે કે પાયાથી ? ભારતનાં છ લાખ ગામો દેશના પાયાનાં પ્રતીક છે. આટલા વર્ષોની સ્વતંત્રતા પછીય ગામો દયનીય દશામાં છે. ગામોની દશા આવી જ રહી તો ઝગમગતી રાજધાનીનું ભાવિ કેવું રહેશે ? અન્નદાતા એવો કિસાન ભૂખમરો વેઠી અસહ્ય લાચારીને કારણે આત્મહત્યા કરવા વિવશ છે. બેકારો અને ગરીબો પર શું વીતી રહ્યું હશે ? સતત વધતી જતી અરાજકતા શું દર્શાવે છે ?'

દેશનો સામાન્ય નાગરિક ભાવિનિર્માણ માટે નવયુવકો પ્રત્યે આશાભરી મીટ માંડી રહ્યો છે. ભારતની નવી પેઢી દેશના સામાન્ય લોકોને નિરાશ નહિ જ કરે.



દિલ્હીમાં દીનદયાળ શોધ સંસ્થાનના ભવનના ઉદ્‌ઘાટન સમયે શ્રી ગુરુજી સાથે નાનાજી

## ગ્રામોદયનો માર્ગ

'પંચ ત્યાં પરમેશ્વર'ની વિદાયથી ગામડાંઓમાં કોર્ટ-કચેરીના આંટાફેરા વધી રહ્યા. આઝાદી પછી પણ બરબાદીનો આ રાહ અટક્યો નહિ. ગ્રામવાસીઓ ભાગ્યને દોષ દઈ નિરાશ બેસી રહે એ નાનાજીથી જોયું ન ગયું.

એક કિસાનની જીવનગાથાએ એમને ગ્રામોદયનો ઊજાસ દેખાડયો. ધોમધખતો તાપ અને સૂકીભઠ જમીન વચ્ચે ગોંડાથી ૧૭ કિલોમીટર દૂર એમને એક લીલીછમ વાડી જોવા મળી. એક એકર જમીનમાં તે વર્ષભર વિભિન્ન શાકભાજીઓ ઉગાડતો હતો. તાજાં શાકભાજી તે ગોંડાના શાકબજારમાં રોજ વેચતો હતો. પોતાની કમાણીમાંથી એણે એક મકાન ચણાવી ભાડે પણ આપ્યું હતું. એનું સુખમય જીવન જોઈને સ્વાભાવિક ઉત્સાહ જાગે એમ હતો. નાનાજીએ સૌ ગ્રામજનો સાથે આ વાતની ચર્ચા



કરી. સિંચાઈની સગવડ મળે તો આ સુખ અને આનંદ પ્રાપ્ત થઈ શકે એ વાતે સૌ સંમત હતા.

હિમાલયથી નીકળતી અને બારેમાસ વહેતી નદીઓથી ગોંડા જિલ્લો સમૃદ્ધ છે. સમગ્ર વિસ્તાર જાણે પાણી પર તરે છે ! ૨૦,૦૦૦ ટ્યુબવેલના લક્ષ્યાંક સાથેની યોજનાને જનતા પક્ષ સરકારે મંજૂર કરી. બેંકલોનની વ્યવસ્થાના આધારે બે વર્ષમાં ૨૭,૫૧૬ ટ્યુબવેલ બન્યા. અહીંની જમીનમાં હજાર ફૂટ સુધી પત્થરનું નામોનિશાન નથી. ૯૮ ટકાથી વધુ ખેડૂતોએ બેંકલોન ભરપાઈ સુધ્ધાં કરી દીધી.

જોકે ચિત્રકૂટની પરિસ્થિતિ એકદમ ભિન્ન છે. વિંધ્યાચળની પહાડીઓથી આ વિસ્તાર ઘેરાયેલો છે. વરસાદી પાણી વહી ગયા પછી પીવાના પાણીના પણ ફાંફા પડે છે. ગામના સામૂહિક પ્રયાસને અંતે જ જળસંગ્રહ કરી શકાય એમ હતું, પણ પક્ષાપક્ષી અને અદાલતી ઝઘડાને કારણે આ શક્ય બનતું ન હતું. રાજનેતા અને નોકરશાહોને કારણે 'રાજીવ ગાંધી જળપ્રબંધ યોજના' ઉપયોગી હોવા છતાં સાકાર થઈ શકતી ન હતી. દીનદયાળ શોધ સંસ્થાને ગામડે ગામડે ગ્રામવાસીઓની બેઠકો કરી આ યોજના સમજાવી સૌને હળીમળી કામ કરવા રાજી કર્યા. આથી પીવાના પાણીની સમસ્યા તો દૂર થઈ જ, પણ સિંચાઈ પણ શક્ય બની અને કૃષિ સમૃદ્ધ બની. હવે ખેડૂતો વર્ષમાં બબ્બે વાર પાક ઉગાડવા માંડ્યા.

દરેક ગામમાં ગ્રામવાસીઓ કોર્ટકચેરીમાંથી જ નવરા પડતા ન હતા. અરસપરસના અણબનાવને કારણે સહિયારો પુરુષાર્થ મુશ્કેલ હતો. દીનદયાળ શોધ સંસ્થાનના સમાજશિલ્પી દંપતીઓએ વડીલો દ્વારા ગ્રામવાસીઓને સમજાવ્યું કે મુકદ્દમાબાજીને કારણે જનજીવનમાં પ્રગતિ આણવી શક્ય નથી. આથી બધાએ એકસાથે બેસી પરસ્પરના ઝઘડા ઉકેલી લેવા જોઈએ. આ શક્ય બને તો સિંચાઈ યોજનાઓ માટે પરસ્પર હળીમળીને કામ થઈ શકે. વાતની ગેડ બેસી ગઈ અને ગામને વિવાદમુક્ત બનાવવાની જાણે કે સ્પર્ધા થવા માંડી. ચિત્રકૂટની આસપાસનાં ૮૦ ગામો પ્રથમ તબક્કામાં વિવાદમુક્ત બન્યાં છે.

ચિત્રકૂટની ચારેબાજુના ૫૦૦ ગામોમાં પછી તો વિકાસની હોડ મચી. ગામડાંની સમૃદ્ધિ થકી જ દેશની સમૃદ્ધિનું સપનું સાકાર થવા માંડ્યું.

## સમન્વિત વિકાસનો માર્ગ

સ્વરાજ્ય પ્રાપ્તિ માટે સંઘર્ષ અને પછી 'નિર્માણ યુગ' આરંભાવો જોઈતો હતો. રાષ્ટ્રનવરચનામાં પ્રત્યેક નાગરિક સહયોગી બને અને સ્વાવલંબન, સહઅસ્તિત્વ અને સામાજિક જવાબદારીનો કર્તવ્યભાવ જાગ્રત થાય એ સહજ અપેક્ષિત હતું. સત્તાભિમુખી રાજનીતિએ તો ભારતવિભાજન સુધ્ધાં સ્વીકારવાની ફરજ પાડી હતી. સ્વતંત્ર ભારતની રાજનીતિનું ચરિત્ર સમાજવિઘટનનાં અનેક કારનામાંઓથી ભરપૂર છે. સમાજનું વિઘટન રોકવા અને એકાત્મતા નિર્માણ માટે કોઈ વ્યવહારિક ઉપાય મળતા નથી. મુસ્લિમ તુષ્ટીકરણ સામેની હિન્દુ રથયાત્રાઓ પરોક્ષ સ્વરૂપે મુસ્લિમ વૉટબેંકને વધુ મજબૂત કરી રહી છે.

આઝાદી પૂર્વેની દેશ માટે સર્વસ્વ ન્યોછાવરીની ભાવના લુપ્ત થઈને સ્વાર્થપૂર્તિની ભાવના ભારતના નેતાઓના આચરણને

> ભારતના સર્વાંગીણ વિકાસની દિશામાં વિચારીએ તો ધ્યાનમાં આવશે કે રાષ્ટ્રજીવનનો વિકાસ પણ એકાત્મ રૂપમાં થવો જોઈશે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના 'એકાત્મ માનવદર્શન'માં દેશની સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આર્થિક, રાજકીય બાબતોના સમન્વિત વિકાસના યુગાનુકૂળ માર્ગની અભિવ્યક્તિ છે.

કારણે સર્વવ્યાપક બની રહી છે. સામાજિક અને રાજકીય જ નહિ, આર્થિક સ્થિતિ પણ બગડી ગઈ. મહાશક્તિ તરીકે ભારતના ઉદયની વાતોના ભારે પ્રચાર છતાં કિસાનોની આત્મહત્યાના બનાવો આપણી આંખ ઉઘાડનારાં છે. વાસ્તવમાં સ્વતંત્રતા મેળવ્યા પછી આપણે દેશની ખરેખરી આવશ્યકતાઓની અનુભૂતિ કરી નહિ. અમેરિકા અને રશિયાનાં ઉદાહરણો નજર સમક્ષ રાખી આપણે ઘરઆંગણે મિશ્ર અર્થકારણનો રાહ અપનાવ્યો. રશિયા પોતાની જ નીતિઓનો ભોગ બની નિષ્ફળતાને વર્યું. ભારતની વ્યવહારુ સ્થિતિના આધારે અર્થવ્યવસ્થા અપનાવવી જોઈએ. મૂડીવાદી અર્થવ્યવસ્થા માનવતાને પ્રતિકૂળ અને સીમિત વર્ગની પ્રગતિ માટે હોય છે. લખલૂટ સંપત્તિનું સર્જન થાય છે, પણ જનશક્તિનો ભંડાર વણવપરાયેલ રહે છે. આપણને જાણીને આશ્ચર્ય થશે કે સામ્યવાદી ચીનમાં પણ અબજોપતિ અસ્તિત્વમાં આવ્યા છે અને ગામડાંઓમાં બેકારો અને ગરીબોની સંખ્યા બેકાબૂ થઈ રહી છે. અમેરિકામાં પણ અબજોપતિ વધીને ૩૭૧ થયા છે. સમાજમાં વધતી જતી વિષમતા સામે ત્યાં પણ અસંતોષના સ્વરો ઊઠી રહ્યા છે.

ભારતમાં પણ અબજોપતિ ઝડપથી વધી રહ્યા છે. આપણી આર્થિક પ્રગતિ અમુક લોકો માટે વરદાન સિદ્ધ થઈ છે અને અન્ય સમાજ બેકારી અને ગરીબી સામે લડી રહ્યો છે. ભારત મહાશક્તિ બની રહ્યાના આ સંકેતો છે ?

ભારતના સર્વાંગીણ વિકાસની દિશામાં વિચારીએ તો ધ્યાનમાં આવશે કે રાષ્ટ્રજીવનનો વિકાસ પણ એકાત્મ રૂપમાં થવો જોઈશે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના 'એકાત્મ માનવદર્શન'માં દેશની સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આર્થિક, રાજકીય બાબતોના સમન્વિત વિકાસના યુગાનુકૂળ માર્ગની અભિવ્યક્તિ છે. આનું મહત્ત્વ એમના રાજકીય અને બિનરાજકીય સાથીઓ સમજી શક્યા હોત તો સ્વતંત્ર ભારતની આ અવસ્થા ન હોત.

## લોકશાહીના મૂળભૂત આધારો

આદિકાળથી જ ભારતમાં લોકશાહી જીવનપ્રણાલી પ્રચલિત રહી હતી. જનજનના જીવનમાં એ વ્યાપી રહી હતી. અન્નદાતા કિસાન લોકતંત્રનો આધારસ્તંભ હતો.

આઝાદી પછીની ભારતીય સરકારો મૂડીવાદ અને સામ્યવાદ વચ્ચે ઝૂલી રહી છે. લોકતંત્ર માટે એ બંને નકામાં છે. સત્તાસંઘર્ષમાં રત આપણા શાસકોએ લોકતંત્રના મૂળભૂત આધારોને સમજવાનો પ્રયાસ ન કર્યો.

ઔદ્યોગીકરણની ધૂનમાં આપણી સરકારોએ ખેતીના વધુ ને વધુ યંત્રકરણને યોગ્ય માન્યું. આપણી ખેતી મોટા કિસાનોના હાથમાં સરી ગઈ. એમના ફાયદાની વાત એ જ સરકારોની કૃષિનીતિ બની ગઈ. યંત્રકરણની સાથે રાસાયણિક ખાતરનો વધતો જતો પ્રયોગ મૂડીપતિઓના લાભમાં રહ્યો. કિસાનોના શોષણનાં દ્વાર ખૂલી ગયાં. અમેરિકામાં ચાર-પાંચ ટકા લોકો જ ખેતી કરે છે એટલે એની વિપરીત અસર જોવા ન મળી. ભારતમાં તો ૭૦ ટકા લોકો ખેતી પર નિર્ભર હોવાથી કૃષિનું ઔદ્યોગીકરણ અભિશાપ બની રહ્યું છે.

આપણા દેશની કૃષિપતિ કુદરતી આધાર પર વિકસિત થઈ હતી. ઔદ્યોગિક રીતે સમૃદ્ધ

'પ્રકૃતિનું શોષણ નહિ, પણ દોહન' એ આપણી સાંસ્કૃતિક પરંપરા રહી છે. કિસાનનો એથી જ તો ભૂમિ સાથે વત્સલભાવ રહે છે. ભૂમિની ફળદ્રુપતા જાળવી રાખવા માટે તે સંવેદનશીલ રહે છે. આપણે ગાયને માત્ર દુધાળું પશુ ન માનતાં અર્થવ્યવસ્થાની આધારશિલા માની પૂજ્યભાવ ધરાવીએ છીએ.





## નાનાજી દેશમુખ સમાજસુધારક

નાનાજી દેશમુખ (૧૧ ઓક્ટોબર ૧૯૧૬ - ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૦) તરીકે જાણીતા ચંડિકાદાસ અમૃતરાવ દેશમુખ ભારતના સમાજ સુધારક અને રાજકારણી હતા. તેમણે શિક્ષણ, આરોગ્ય અને ગ્રામીણ સ્વાવલંબનના ક્ષેત્રોમાં કામ કર્યું હતું. તેમને ભારત સરકાર દ્વારા ૨૦૧૯માં ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન મરણોપરાંત એનાયત કરવામાં આવ્યો હતો. તેઓ ભારતીય જનસંઘના નેતા હતા અને રાજ્યસભાના સભ્ય પણ હતા.

**બાળપણ અને શિક્ષણ :** નાનાજીનો જન્મ ૧૧ ઓક્ટોબર ૧૯૧૬ના રોજ મહારાષ્ટ્રના હીંગોલી જિલ્લાના કંડોલી ગામમાં એક મરાઠીભાષી કુટુંબમાં થયો હતો. તેમણે શાળાકીય શિક્ષણ સીકર અને કોલેજનું શિક્ષણ બિરલા કોલેજ (હાલની બીટલ, પિલાની)માં લીધું હતું. કોલેજનું શિક્ષણ સમાપ્ત કરીને તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાઇને ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લામાં પૂર્ણ સમયના પ્રચારક નિયુક્ત થયા હતા.

**સંઘપ્રચારક તરીકેની કારકિર્દી :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડૉ. હેડગેવાર સાથેના નિકટના સંબધોને કારણે નાની ઉંમરથી દેશસેવા અને સમાજસેવામાં રસ ધરાવતા હતા. ૧૯૪૦માં પોતાનો કોલેજનો અભ્યાસ પૂરો કરીને ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લામાં પ્રચારક બનીને સમાજસેવાનું અને સંઘનું પ્રચારકાર્ય શરૂ કર્યું હતું. નાનાજી અને અન્ય સ્વયંસેવકોના પ્રયાસોથી ગોરખપુર જીલ્લામાં ૨૫૦થી પણ વધારે શાખાઓ ખોલી હતી. આ ઉપરાંત સૌપ્રથમ સરસ્વતી શિશુ મંદિરની પણ તેમણે સ્થાપના કરી હતી. ૧૯૪૭ બાદ તેઓ સંઘના મુખપત્ર રાષ્ટ્રધર્મ અને પાંચજન્ય જેવાં સામયિકોમાં મેનેજિંગ તંત્રીની નિમણૂક પામ્યા હતા.

**રાજકીય કારકિર્દી :** ૧૯૫૧માં ભારતીય જનસંઘની સ્થાપના બાદ નાનાજીની ઉત્તર પ્રદેશના રાજ્ય મંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ૧૯૬૭ની વિધાનસભાની ચૂંટણી બાદ નાનાજીના પ્રયત્નોથી જનસંઘ ડૉ. રામ મનોહર લોહિયાની આગેવાની હેઠળ રાજ્યની સૌપ્રથમ બિનકોંગ્રેસી સંયુક્ત વિધાયક દળની સરકાર બનાવવામાં સફળ રહ્યું હતું. ૧૯૭૭ની લોકસભાની ચૂંટણીમાં નાનાજી નવનિર્મિત જનતા પક્ષના નેજા હેઠળ બલરામપુર મતવિસ્તારમાંથી સૌપ્રથમ વખતે સંસદ સભ્ય ચૂંટાયા હતા. ૧૯૯૯માં તત્કાલીન રાષ્ટ્રીય જનતાંત્રિક જોડાણની સરકારે તેમને રાજ્યસભામાં નિયુક્ત કર્યા હતા.

**સમાજસેવા :** નાનાજી ૧૯૮૦ની સાલમાં સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લઈને પૂર્ણ સમય માટે સમાજસેવાના કાર્યમાં જોડાયા હતા. નાનાજીએ કૃષિ, કુટિર ઉદ્યોગ, આરોગ્ય અને ગ્રામીણ શિક્ષણ જેવા ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપ્યું હતું. સમાજસેવાના ભાગરૂપે તેઓ 'મંથન' સામયિકનું પ્રકાશન કરતા હતા. નાનાજી દ્વારા ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશનાં ૫૦૦ જેટલાં ગામોમાં સામાજિક ઘડતરનું કાર્ય કર્યું હતું. નાનાજીએ ચિત્રકૂટમાં ચિત્રકૂટ ગ્રામોદય વિદ્યાલયની સ્થાપના કરી હતી. આ ઉપરાંત બૂંદેલખંડ વિસ્તારનાં ૧૫૦થી વધારે ગામડાંઓમાં એકાત્મ માનવવાદનો પ્રચાર કર્યો હતો. સમાજસેવાના આ પ્રયાસો બદલ ભારત સરકાર દ્વારા ૧૯૯૯માં પદ્મ વિભૂષણ અને ૨૦૧૯માં દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નનો ઇલ્કાબ મરણોત્તર આપવામાં આવ્યો હતો.

**મૃત્યુ :** નાનાજીનું મૃત્યુ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ ચિત્રકૂટ ખાતે થયું હતું. તેમના અંતિમ સંસ્કાર તેઓની ઇચ્છા અનુસાર દેહદાન કરીને કરવામાં આવ્યા હતા.



દેશો પણ રાસાયણિક ખેતીના દુષ્પરિણામોને કારણે હવે સજીવ ખેતી તરફ વળ્યા છે. ભારતમાં આપણે બોધપાઠ લઈશું?

'પ્રકૃતિનું શોષણ નહિ, પણ દોહન' એ આપણી સાંસ્કૃતિક પરંપરા રહી છે. કિસાનનો એથી જ તો ભૂમિ સાથે એક વત્સલભાવ રહે છે. ભૂમિની ફળદ્રુપતા જાળવી રાખવા માટે તે સંવેદનશીલ રહે છે. આપણે ગાયને માત્ર દુધાળુ પશુ ન માનતાં અર્થવ્યવસ્થાની આધારશિલા માની પૂજ્યભાવ ધરાવીએ છીએ. ગાયથી માનવને દૂધ અવશ્ય મળે છે, પણ સજીવ ખેતીનો મૂળાધાર ગોવંશ જ છે. આધુનિકોએ આ સત્યને સમજવું પડશે. બળદ દ્વારા ખેતી ઉપરાંત માલસામાનની હેરાફેરી પણ વ્યાપક રીતે થાય છે. છાણિયું ખાતર અને ગોમૂત્રનો ઉપયોગ કિસાનોને સ્વાવલંબી બનાવવા માટે ઉપયોગી છે. આજે વિશ્વમાં સજીવ ખેતી અપનાવવાનો પ્રારંભ થયો છે. આપણા દેશના યુવકોને સજીવ ખેતીનું નેત્રદીપક ઉદાહરણ પ્રસ્તુત કરવાનો અનોખો અવસર સાંપડ્યો છે.

## સામાજિક શક્તિ પર ભરોસો

બહુધા સંસદ સભ્યો ગ્રામીણ વિસ્તારના પ્રતિનિધિઓ છે. આમ છતાં પ્રજાસત્તાક ભારતનાં ગામડાં બેકારી અને ભૂખમરાનાં વિષચક્રમાં ફસાયેલાં છે અને શહેરો વધુ ને વધુ ઝાકમઝોળ બનતાં રહ્યાં છે. લોકતંત્ર સત્તાનો અખાડો માત્ર બની રહ્યું. જનકલ્યાણની ભાવના ભાગ્યે જ ઉજાગર થાય છે.

પરતંત્ર અને સ્વતંત્ર ભારતમાં નાનાજીએ પસાર કરેલા વર્ષોનો અનુભવ એ એક બહુવિધ, બહુમૂલ્ય જીવન-પ્રયોગ છે. ત્રણ મહાપુરુષોના સાંનિધ્યે એમણે પ્રેરણાનું પીયૂષ પીધું અને પોતાનો રાષ્ટ્રસેવાનો આગવો પથ કંડાર્યો. એ ત્રણ મહાપુરુષો એટલે પ.પૂ. ડૉ. હેડગેવાર, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને શ્રદ્ધેય જયપ્રકાશ નારાયણ.

આ ત્રણે મહાપુરુષોએ જીવનમાં વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાને ફરકવા દીધી ન હતી. વૈવાહિક સુખની (જયપ્રકાશજી વિવાહિત હોવા છતાંય) અભિલાષાની જીવનભર છાયા ન પડવા દીધી. પોતાની જિંદગીમાં એમણે ઉપદેશકની ભૂમિકા ક્યારેય ન ભજવી. જિંદગીની એક એક ક્ષણ કર્તવ્યપૂર્તિ સાથે રાષ્ટ્રકાર્યમાં જ ખર્ચી. આ મહાપુરુષોની વ્યાપક જીવનદૃષ્ટિને અબાધિત ગતિથી આગળ વધારી હોત તો સંઘશાખાઓ રૂઢિ બનીને આપણા સમાજને જાતિ ભાષા અને મજહબમાં ટુકડે ટુકડા થતા ન નિહાળત, પરંતુ ગતિશીલ પ્રક્રિયા બની આપણા વિવિધતાપૂર્ણ સમાજમાં એકાત્મતાને દૃઢમૂળ કરત. સંપૂર્ણ સમાજને પોતાનો પરિવાર ગણવાની પૂ. ડૉક્ટરજીની મૂળધારણા પર એકાગ્ર બની રહેત અને રાજકીય જીવનમાં જે પતન થયું છે તે ન થાત.

પરંતુ ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના મહાન વ્યક્તિત્વનો લાભ ઉઠાવી પ.પૂ. ગુરુજી પાસેથી પક્ષીય રાજકારણમાં પ્રવેશવાની અનુમતિ પ્રાપ્ત કરી લેવામાં આવી. સમાજવ્યાપી પારિવારિક જીવનદૃષ્ટિ ભુલાવીને પોતાના દ્વારા નિર્મિત સંસ્થાઓનો સંકુચિત પરિવાર બનાવી રાજસત્તાની અભિલાષાના ચક્કરમાં ફસાયા અને અંદરોઅંદર ઝઘડાના શિકાર બન્યા.

દીનદયાળ શોધ સંસ્થાને ત્રણે મહાપુરુષોના જીવનમાંથી પ્રેરણા લઈ દ્વંદ્વાત્મક રાજનીતિથી પોતાને સંપૂર્ણ અલિપ્ત કરી દીધું.

નાનાજીએ પસાર કરેલાં વર્ષોનો અનુભવ એ એક બહુવિધ, બહુમૂલ્ય જીવન-પ્રયોગ છે. ત્રણ મહાપુરુષોના સાંનિધ્યે એમણે પ્રેરણાનું પીયૂષ પીધું અને પોતાનો રાષ્ટ્રસેવાનો આગવો પથ કંડાર્યો. એ ત્રણ મહાપુરુષો એટલે પ.પૂ. ડૉ. હેડગેવાર, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને શ્રદ્ધેય જયપ્રકાશ નારાયણ.



ગ્રામોદયને આધાર બનાવી આ મહાપુરુષોનાં સપનાંઓને સાકાર કરવા માટે સ્વયંને સમર્પિત કર્યા.

આ મહાન કાર્યને સંપન્ન કરવા માટે અમે બધા સાધારણ કાર્યકર્તા મગ્ન બન્યા. વિજય-પરાજયની થપાટો સહન કરતાં કરતાં કેટલાય વર્ષ વીતી ગયાં. ગરીબ અને ઉપેક્ષિત લોકોની આર્થિક પરિસ્થિતિમાં સુધાર અવશ્ય થયો, પરંતુ ચારેબાજુના પ્રદૂષિત માહોલમાં લોકોના જીવનમાં સામાજિક જીવનદૃષ્ટિ વિકસિત કરી શક્યા નહિ. એનાથી અમે કાર્યકર્તાગણ ચિંતાગ્રસ્ત હતા.

એવામાં એક દિવસ અચાનક જ અનસૂયા આશ્રમ ચિત્રકૂટના સ્વામી ભગવતાનંદ મહારાજ પધાર્યા. પહેલાંની કોઈ ઓળખાણ ન હોવા છતાં એમણે અમને સલાહ આપી, 'આપ લોકો ખૂબ સરસ કામ કરી રહ્યા છો. આપે રામની કર્મભૂમિ ચિત્રકૂટમાં પણ એવું જ કામ કરવું જોઈએ. એ આખોય વિસ્તાર પૂરેપૂરો ઉપેક્ષિત છે. આપ ચિત્રકૂટ ક્ષેત્રમાં કાર્ય કરશો તો આપનું કાર્ય અધિક સાર્થક બની રહેશે.'

ચિત્રકૂટમાં કાર્ય પ્રારંભવાની દરખાસ્ત સૌ માટે પ્રભાવી હતી. રાજસત્તાથી સહજ અલિપ્ત થઈને પ્રભુ રામે તત્કાળ વનવાસપ્રયાણ કર્યું. એમણે સામાજિક શક્તિને રાજસત્તાથી વધુ સમર્થ, સ્થાયી અને વિજયી બનાવી રાષ્ટ્રજીવનના મર્મને પ્રકટાવ્યો. એમના પગલે ચાલીને ભરતે રાજસત્તાને ઠોકર મારીને ચિત્રકૂટ દોડી જવાનું પસંદ કર્યું. અયોધ્યાનું રાજકાજ સંભાળી લેવા માટે રામને પ્રાર્થના કરી. રામે ભરતને સમજાવ્યું : 'આ પરિસ્થિતિમાં ૧૪ વર્ષ તારે જ અયોધ્યાનું રાજકાજ સંભાળવું યોગ્ય છે.' ભરતે દુઃખી મનથી રામની આજ્ઞા માની. સિંહાસન પર રામની પાદુકા પ્રતિષ્ઠત કરી સ્વયં એક સેવક તરીકે રાજકાજ સંભાળવાનું સ્વીકાર્યું. સાંપ્રત સમયે દેશમાં રાજસત્તા હસ્તગત કરવાનો ઘૃણાસ્પદ ખેલ ચાલી રહ્યો છે. એવા સમયે નવી પેઢીમાં કર્તવ્યબોધ અને સામાજિક જીવનદૃષ્ટિ પ્રેરવા માટે ચિત્રકૂટથી વધુ સુયોગ્ય સ્થળ બીજુ કોઈ હોઈ શકે નહિ. આ અનુભૂતિને કારણે દીનદયાળ શોધ સંસ્થાને ચિત્રકૂટમાં પણ કાર્યારંભ કર્યો.

નવી પેઢીમાં કર્તવ્યબોધ અને સામાજિક જીવનદૃષ્ટિ પ્રેરવા માટે ચિત્રકૂટથી વધુ સુયોગ્ય સ્થળ બીજુ કોઈ હોઈ શકે નહિ. આ અનુભૂતિને કારણે દીનદયાળ શોધ સંસ્થાને ચિત્રકૂટમાં પણ કાર્યારંભ કર્યો.

## આઝાદીનું લક્ષ્ય

પ્રજાસત્તાક પર્વે તરુણાઈનાં મન, હૃદયને સંવેદિત કરી મૂકે એવા સવાલોના જવાબ જડે તો માર્ગક્રમણ થઈ શકે.

સદીઓની ગુલામી પછી ભારત સ્વતંત્ર થઈ શક્યું છે. ગુલામીના કાળમાં સામૂહિક જીવનનું પતન થયું. પ્રત્યેક વ્યક્તિ પોતાનો જ સ્વાર્થ જોવા માંડી. પ્રત્યેક વાતમાં સરકાર તરફ જોવાની અને સરકારના કૃપાપાત્ર બનવાની પ્રવૃત્તિ બની રહી. સ્વતંત્રતા પ્રાપ્ત થતાં જ આ ગુલામીની પ્રવૃત્તિને સમૂળગી નષ્ટ કરવી જોઈતી હતી, પરંતુ એ પ્રત્યે આપણા નેતૃત્વએ સહેજ પણ ધ્યાન ન આપ્યું. આજે પણ દેશની સામાન્ય જનતા શાસનની ગુલામી હેઠળ જીવી રહી છે. તે પોતે પોતાના દેશની ઉન્નતિનો કોઈ પ્રયાસ કરતી નથી. નોકરશાહી, જે અંગ્રેજકાળમાં આપણા પર શાસન કરતી હતી, એ જ હવે વધુ ભ્રષ્ટ બનીને શાસન કરે છે અને આપણા તથાકથિત શાસક પોતાની યોજનાઓ દ્વારા દેશની ઉન્નતિનો માર્ગ દેખાડી રહ્યા છે.

દેશના ૮૦ કરોડ નાગરિકો બેકારી, ગરીબી અને ભૂખમરાનો ભોગ બન્યા છે. એ જ સમયે દેશનો એક નાગરિક વિશ્વનો સૌથી વધુ ધનિક બન્યો છે ?! આપણી આઝાદીનું શું આજ લક્ષ્ય હતું ?

**(સાભાર : સાહિત્ય સાધના ટ્રસ્ટ, 'એક ઓર દધીચિ-ઋષિ : નાનાજી દેશમુખ')**

## ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર શહેર ભાજપ કાર્યાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

### કાર્યકર્તા અને કાર્યાલય એ ભાજપાનો આત્મા, કાર્યકર્તા નિર્માણ, સંભાળ અને વિકાસ દ્વારા સંગઠન એ જ સેવા તે ભાજપાની કાર્યસંસ્કૃતિ - માન. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહ



ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર શહેર ભાજપ કાર્યાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. શ્રી અમિતભાઈ શાહે તેમના સંબોધનમાં કહ્યું હતું કે, કાર્યકર્તા પદાધિકારી અને કાર્યાલય ભેગા થાય તો જ પાર્ટી બને. નેતા હોય અને કાર્યકર્તા ન હોય તો પાર્ટી ન ચાલે. પાર્ટીની કલ્પના શરીર તરીકે કરીએ તો મસ્તક એટલે કાર્યાલય છે. કોઈપણ પાર્ટી વિચારધારા અને કાર્ય સંસ્કૃતિ વિના ન ચાલી શકે અને ભાજપાની તો ક્યારેય પણ કાર્યસંસ્કૃતિ અને વિચારધારા વિના કલ્પના પણ ન થઈ શકે. આ સ્થાપિત વિચારધારા અને કાર્યસંસ્કૃતિને આગળ ધપાવાનું કામ કાર્યાલય કરતું હોય છે.

શ્રી શાહે ઉમેર્યું હતું કે સદસ્યતા અભિયાન અંતર્ગત અનેક સભ્યો બનાવ્યા છે અને આ સભ્યો એ આપણા શુભેચ્છકો છે આપણી કામગીરીના આધાર પર અને વિચારધારાની સ્વીકૃતિથી તેમને કાર્યકર્તા બનાવવાનું કામ કરવું અને કાર્યકર્તા નિર્માણની આ સતત જોડવાની પ્રક્રિયા કાર્યાલય કરતું હોય છે. તેઓએ કહ્યું કે તેઓ રાષ્ટ્રીય અધ્યક્ષ હતા ત્યારે એક અભિયાન આદર્યું હતું કે દરેક જિલ્લામાં ભાજપનાં કાર્યાલય હોવાં જોઈએ અને આજે દેશમાં ૯૨% જિલ્લાઓમાં તે કાર્યરત થયાં છે અને ૭૦% કાર્યાલયમાં લાઇબ્રેરી પણ બનાવવામાં આવી છે. જનસંઘ થી શરૂ કરીને આજ દિન સુધીના પાર્ટીના પારિત થયેલા બધા પ્રસ્તાવનો એક સંપુટ આ લાયબ્રેરીમાં ઉપલબ્ધ રહેશે. ભાજપાની વિચારધારાનો પરિચય કરાવનાર મેગેઝીનો, પુસ્તકો અને ચિંતનલેખો પણ આ લાઇબ્રેરીમાં હોય અને તેનો અભ્યાસ યુવા કાર્યકર્તાઓ કરીને આગળ આવે ત્યારે તેઓ પૂર્ણ કાર્યકર્તા બની જનસેવામાં સમર્પિત બની શકશે. ભાજપ માટે કાર્યાલય એ આત્મા છે. જેમાં સતત મળવું, ચર્ચા કરવી એકસમાન દિશામાં વિચારવાની આદત કેળવવી વગેરે પ્રવિધિઓ નિર્મિત થાય છે. તે ભાજપાની પરંપરા પણ રહી છે. ૧૯૫૦થી લઈ આજ દિન સુધી આ પરંપરા પાર્ટીએ સાચવી છે અનેક પરાજયો થયા છતાં પણ ભાજપા તૂટી નથી. જે પાર્ટીની બે સીટ આવે તો પણ કાર્યકર્તા પાર્ટીને ન છોડે તે પાર્ટીએ આજે બે ૨૦૧૪ થી ૨૦૨૪ સુધી પાછું ફરીને જોયું નથી. જે લોકો ઉત્તર અને પૂર્વમાં ભાજપનું અસ્તિત્વ નહોતા જોઈ રહ્યા તે ભાજપા આજે ઓરિસ્સા, આસામ, ત્રિપુરા, અરુણાચલ સહિતનાં રાજ્યોમાં જનસેવામાં કાર્યરત છે.

શ્રી શાહે કાર્યકર્તાઓને કહ્યું કે ક્યાંય ઉત્સાહ ઓછો ન કરતા કોંગ્રેસ ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪માં ભેગા થઈને પણ ૨૪૦ સીટ લોકસભામાં લાવી શકી નથી. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વક્ફ બિલ લાવવામાં આવ્યું છે અને તે પસાર પણ કરાશે તેવો નિર્ધાર પણ શ્રી શાહે વ્યક્ત કર્યો હતો. તેઓએ કહ્યું કે ૨૦૧૪થી ભાજપે જન કલ્યાણનો યજ્ઞ આદર્યો છે. ૨૫ કરોડ ગરીબોને ગરીબી રેખા બહાર લાવવાનું તેમજ ૬૦ કરોડ ગરીબોને વીજળી, પીવાનું પાણી, શૌચાલય, નિઃશુલ્ક સારવાર, આવાસ, નિઃશુલ્ક અનાજ સહિતના પૂરા પાડવાનું ભગીરથ કાર્ય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પાર પાડ્યું છે. તેમણે હતું કે સમગ્ર દેશમાં આજે પણ દેશની સુરક્ષાની વાત હોય, મંગળ પર પહોંચવાની વાત હોય કે દેશને ત્રીજા નંબરની અર્થ વ્યવસ્થા બનાવવાની વાત હોય નાગરિકો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સામે મીટ માંડીને બેઠા છે. પોતાની જાતને આગમાં તપાવીને નિર્માણ થયેલ નેતૃત્વ આપણને આદરણીય મોદીજીના રૂપમાં મળ્યું છે. તેઓએ કહ્યું કે તેઓ રાષ્ટ્રીય અધ્યક્ષ હતા ત્યારે આદરેલ પ્રત્યેક જિલ્લામાં કાર્યાલય નિર્માણના અભિયાન પૈકી આ ૨૭૧મા કાર્યાલયનું નિર્માણ થયું છે. અંતમાં શ્રી શાહે ૨૦૧૭મા પૂર્ણ વિકસિત ભારત બને અને દરેક ક્ષેત્રમાં ભારત પ્રથમ નંબર પર હોય તે માટે સંકલ્પબદ્ધ થવા માટે સૌને આહ્વાન કર્યું હતું.

REGD. NO. GAMC 563/ 2024-26 VALID UP TO 31-12-2026 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2024-26 VALID UP TO 31-12-2026 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.